સુવિચાર

સપનાઓને હકિકત બનાવવી છે
તો આળસ છોડો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




ભાવનગર રોડ પર ભંગાર બજારમાં અસંખ્ય શંકાસ્પદ વાહનો સ્ક્રેપ કરવાનો ધીગતો ધંધો...?: પોલીસનું ભેદી મૌન P-4


Year-16, Issue-215 ■ DATE : 24-12-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# સૌથી વજનદાર ઉપગ્રહ 'બાહુબલી'નું અવકાશગમન

**ઈસરોએ ફરી એક વખત વિશ્વને પોતાની તાકાત અને ભરોસાના દર્શન કરાવ્યાઃ વર્ષના અંતભાગમાં ભારતીય અવકાશ વિજ્ઞાન સંસ્થાની મહત્વની સિદ્ધિઃ ૬૫૦૦ કિલો વજનના બ્લુ બર્ડ બ્લોક-૨ ઉપગ્રહને સફળતાપૂર્વક પૃથ્વીની નીચલી ભ્રમણ કક્ષામાં સ્થાપિત કરાયું**



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઇસરો) એ ઇતિહાસ રચ્યો છે. વર્ષના તેના અંતિમ મિશનમાં, ઇસરોએ તેના સૌથી મોટા સંચાર ઉપગ્રહ, બ્લુબર્ડ બ્લોક-૨ ને સફળતાપૂર્વક લોન્ચ કર્યું. આ સંપૂર્ણપણે વ્યાપારી પ્રક્ષેપણ હતું. આ મિશન દ્વારા અમેરિકન કંપની એએસટી સ્પેસ મોબાઇલના બ્લુબર્ડ બ્લોક-૨ સંચાર ઉપગ્રહને પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક મૂકવામાં આવ્યો. ઇસરોએ લોન્ચ માટે તેના LVM3 રોકેટનો ઉપયોગ કર્યો, જે આ લોન્ચ વાહનની છઠ્ઠી ઉડાન અને વ્યાપારી મિશન માટે ત્રીજી ઉડાન હતી. આ લોન્ચ વાહનને તેની ક્ષમતાઓ માટે પહેલાથી જ બાહુબલી નામ આપવામાં આવ્યું છે.

યુએસ કંપની AST સ્પેસમોબાઇલ સાથેના વાણિજ્યિક કરારના ભાગ રૂપે બ્લુ બર્ડ બ્લોક-૨ ઉપગ્રહને ભ્રમણકક્ષામાં લોન્ચ કરવામાં આવ્યો હતો. આ મિશન આગામી પેઢીના સંચાર ઉપગ્રહને તૈનાત કરશે, જેનો ઉદ્દેશ્ય વિશ્વભરના સ્માર્ટફોન્સને સીધી હાઇ-સ્પીડ મોબાઇલ બ્રોડબેન્ડ સેવાઓ પ્રદાન કરવાનો છે. બ્લુ બર્ડ બ્લોક-૨ ઉપગ્રહ LVM3 રોકેટ દ્વારા નીચી પૃથ્વી ભ્રમણકક્ષામાં લોન્ચ કરાયેલ અત્યાર સુધીનો સૌથી ભારે પેલોડ છે, જે રોકેટના ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

બ્લુબર્ડ બ્લોક-૨ ઉપગ્રહ એ આગામી પેઢીના લો અર્થ ઓર્બિટ સેટેલાઇટ નેટવર્કનો એક ભાગ છે. તે અવકાશથી સીધા પ્રમાણભૂત મોબાઇલ સ્માર્ટફોનને સેલ્યુલર બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે રચાયેલ છે. ઉપગ્રહમાં એક વિશાળ અને અનોખી તબક્કાવાર શ્રેણી છે. તેનો હેતુ વિશ્વના મોટા ભાગને ૪ઞ અને ૫ સેવાઓ પ્રદાન કરવાનો છે, જેનાથી લોકો કોઈપણ ખાસ ઉપકરણો વિના વોઇસ કોલ્સ, વિડિઓ કોલ્સ, ઇન્ટરનેટ ડેટા અને મેસેજિંગનો ઉપયોગ કરી શકે છે.

આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટરથી સવારે ૮ઞ૫૫ વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું હતું. ISRO અનુસાર, લગભગ ૧૫ મિનિટની ઉડાન પછી, સંચાર ઉપગ્રહ રોકેટથી અલગ થઈ ગયો અને તેને લગભગ ૫૨૦ કિલોમીટરની ઊંચાઈએ નીચી પૃથ્વી ભ્રમણકક્ષામાં સ્થાપિત કર્યો. આ મિશન ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ અને યુનાઈટેડ સ્ટેટ્સના AST સ્પેસમોબાઈલ (AST અને સાયન્સ, LLC) વચ્ચેના વાણિજ્યિક કરારનો એક ભાગ છે.

આ સફળ પ્રક્ષેપણનું મહત્વ એ છે કે તે ભારતની અવકાશ એજન્સી, ISROને વાણિજ્યિક અવકાશ ક્ષેત્રમાં નોંધપાત્ર રીતે મજબૂત બનાવશે. બ્લુ બર્ડ બ્લોક-૨ ઉપગ્રહનું વજન આશરે ૬,૫૦૦ કિલોગ્રામ છે. તે નીચી પૃથ્વી ભ્રમણકક્ષામાં મૂકવામાં આવેલો સૌથી મોટો વાણિજ્યિક સંચાર ઉપગ્રહ પણ છે. ભારતે તેના LVM3 પ્રક્ષેપણ વાહનનો ઉપયોગ કરીને ચંદ્રયાન-૨, ચંદ્રયાન-૩ અને વૈશ્વિક ઉપગ્રહ ઇન્ટરનેટ પ્રદાતા વનવેબને સફળતાપૂર્વક લોન્ચ કર્યા છે. વનવેબ મિશનમાં, ISRO એ LVMનો ઉપયોગ કરીને બે પ્રક્ષેપણમાં કુલ ૭૨ ઉપગ્રહોને નીચી પૃથ્વી ભ્રમણકક્ષામાં લોન્ચ કર્યા.

આ સફળ પ્રક્ષેપણનું મહત્વ એ છે કે તે વાણિજ્યિક અવકાશ ક્ષેત્રમાં ભારતની અવકાશ એજન્સી ની પકડ મજબૂત કરશે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૪૬/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૧૬/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૮,૯૮૦ | ₹૨,33,000 |
| | +3૮૦ | +૧૦.૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૬૯ | ₹૧૨૦.૧૯ |

## નાતાલ પૂર્વે સોના-ચાંદીમાં રેકોર્ડ બ્રેક તેજીનો સિલસિલો જારી

**લોકલ માર્કેટમાં ચાંદીમાં વધુ ૩૫૦૦નો ઉછાળો; સોનુ ૫૦૦ રૂપિયા ઉંચકાયું**



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

નાતાલ પૂર્વે સોના-ચાંદીના ભાગોમાં રેકોર્ડબ્રેક તેજીનો સિલસિલો જારી રહ્યો હોય તેમ બન્ને કિંમતી ધાતી આજે નવી ઉંચાઇએ પહોંચી હતી. સોના-ચાંદીના ભાવમાં ગઇરાત્રે મોટી ઉથલપાથલ થતાં વેપારીઓ-ટ્રેડરો ડઘાઇ ગયા હતા. પરંતુ અંતિમ તબક્કામાં ભાવ ફરી તેજીના માર્ગે દોડવા લાગ્યા હતા.

આજે સવારથી ફરી તેજીનો દોર આગળ ચાલ્યો હતો. આવતીકાલે ક્રિસમસ પૂર્વે જ વિશ્વબજાર સહિત દુનિયાના તમામ દેશોમાં સોના-ચાંદીના ભાવ ઐતિહાસિક સ્તરે પહોંચી ગયા હતા. વિશ્વ બજારમાં સોનુ પ્રથમ વખત ૪૫૦૦ ડોલરની સપાટીને પાર થયું હતું.

ઉંચામાં ૪૫૨૪ ડોલરનો રેકોર્ડ બનાવ્યા બાદ આજે સવારે ૪૪૯૬ ડોલર હતું. ભારતીય કોમોડીટી માર્કેટમાં ૧૩૮૩૭૮નો ભાવ હતો. આ જ રીતે વૈશ્વિક ચાંદી ૭૨.૩૬ ડોલરની ઉચાઇએ પહોંચી હતી. જ્યારે ભારતીય કોમોડીટી એક્સચેંજમાં ૩૬૫૦ના ઉછાળાથી ૨૨૩૧૭૦ હતી.

કોમોડીટી નિષ્ણાંતોના કહેવા પ્રમાણે અમેરિકી અર્થતંત્રનો છેલ્લા બે વર્ષની સૌથી ઝડપે વિકાસ થયો હોવાનો આંકડાકીય રીપોર્ટ જારી થતાં અસર પડી હતી. આ સ્થિતિમાં વ્યાજદર ઘટાડાની ધારણાને વધુ બળ મળ્યું હતું. આ સિવાય અમેરિકાના ટેરિફવોર, વેનઝુએલા સાથેના સંભવિત ઘર્ષણ, વિશ્વસ્તરે વધતા ભૌગોલિક ટેન્શન જેવા કારણો તેજીમાં ભાગ ભજવી રહ્યા છે.

નિષ્ણાંતોએ નવા વર્ષમાં પણ તેજીની આગાહી કરી છે પરંતુ તેઓએ સુચવેલા સંભવિત ભાવ લેવલ અત્યારથી જ દેખાવા લાગ્યા છે.

સોના-ચાંદીથી રીટેઇલ માર્કેટમાં તીવ્ર પ્રત્યાઘાતો છે. ઝવેરીઓના કહેવા પ્રમાણે છેલ્લા દસેક દિવસથી જોરદાર તેજીથી રીટેઇલ ઘરાકી ઘણી ઓછી થઇ ગઇ છે.

સોના ચાંદીના ભાવ હાલ ઐતિહાસિક સ્તરે પહોંચ્યા છે. છેલ્લા એક સપ્તાહમાં સોનું ૫૦૦૦ અને ચાંદી રૂા.૩૧૫૦૦ વધ્યું છે. આ સાથે સોનું વધુને રૂા.૧,૪૧,૩૫૦ અને ચાંદી રૂા.૨,૨૫,૯૦૦ એ પહોંચ્યું છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે રોકાણકારો બોન્ડ અને ચલણોથી દૂર કિંમતી ધાતુઓ તરફ વળી રહ્યા છે.

## નવા વર્ષની શરૂઆતમાં ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી પડવાની સંભાવના

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૩ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ધીમે ધીમે ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. ત્યાર બાદ સમગ્ર પ્રદેશમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. સૌથી ઓછું લઘુતમ તાપમાન નલિયા અને અમરેલીમાં નોંધાયુ હતું. બન્ને શહેરમાં ૧૨ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. નલિયામાં અગાઉ ૧૪.૬ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જે રાત્રે ૨.૬ ડિગ્રી સેલ્સિયસ ઘટીને ૧૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.



હવામાન નિષ્ણાત અને નિવૃત્ત હવામાન વિભાગના વૈજ્ઞાનિક એ.ટી. દેસાઈએ ગુજરાતમાં જોઈએ તેવી ઠંડી ન પડવા પાછળનું કારણ જણાવતા કહ્યું કે, લા નીનો અને અલ નીનોની અસરને કારણે વાતાવરણમાં ફેરફાર થાય છે. લા નીનોને કારણે ટ્રોપિકલ સિસ્ટમ ૯ નંબર આપણી બાજુ હોવાથી અસર થઈ રહી છે. ૨૪ ડિસેમ્બર બાદ તે હિંદ મહાસાગર તરફ જશે. ભેજના કારણે ઠંડીની અસર ઓછી વર્તાય છે. ગયા વર્ષ કરતા આ વખતે તાપમાન વધારે અનુભવાઈ રહ્યું છે. હાલમાં ભેજ, ધુમ્મસના કારણે ઠંડીની અસર ઓછી અનુભવાઈ રહી છે. ઉત્તરના પવનો રોકાવાથી ઠંડીની અસર ઓછી થાય છે. ઉત્તરના પહાડી પ્રદેશના ઠંડા પવનોથી ઠંડી વધશે. પ્રદૂષણ અને ભેજના કારણે તાપમાન ઊંચું નોંધાય છે. ૨૦૨૬ની શરૂઆત કડકડતી ઠંડીથી થવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે.

## BMC અને નગર નીગમની ચૂંટણીમાં ઠાકરે બંધુ સાથે લડશે



**મુખ્ય સમાચાર, મુંબઇ**

મહારાષ્ટ્રમાં તાજેતરની સ્થાનિક એકમની ચૂંટણીમાં ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને એનસીપીના ગઠબંધન હેઠળના મહાયુતિ દ્વારા કારમા પરાજયનો સામનો કર્યા બાદ ટેન્શનમાં આવી ગયેલા ઠાકરે બંધુઓએ હવે મોટો નિર્ણય કર્યો છે. આગામી બીએમસી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ એકસાથે મળીને ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. જે બાદ તેમના પરિજનો બંને દિગ્ગજની આરતી ઉતારતા દેખાયા હતા.

મહારાષ્ટ્રની સ્થાનિક એકમની ચૂંટણીમાં કારમા પરાજય બાદ વિપક્ષ એક્ટિવ મોડમાં છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) અને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)એ હવે બીએમસી સહિત મહારાષ્ટ્રની કુલ ૨૯ નગર નિગમની ચૂંટણી માટે ગઠબંધનની જાહેરાત કરી દીધી છે. બંને ઠાકરે બંધુઓએ મુંબઈમાં સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા ગઠબંધન વિશે ઔપચારિક જાહેરાત કરી હતી.

આ દરમિયાન પત્રકારો સમક્ષ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે અમારા વિચારો એક જેવા જ છે. અમને મરાઠીઓના સંઘર્ષ અને બલિદાન યાદ છે. આજે અમે બંને ભાઈઓ ફરી એકજૂટ છીએ. આ મામલે શિવસેના (યુબીટી) નેતા પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું પણે ઠાકરે બંધુઓ હવે એકજૂટ થઈ ગયા છે. પ્રજાના કોઈ કામ થયા નથી. પ્રજાના પૈસા લૂંટાયા છે. રાજકારણ અમારા માટે એક સેવાનું માધ્યમ છે. એનડીએના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકાર જુઠ્ઠી છે. મેયર અમારા જ હશે. મરાઠીને જ મેયર બનાવીશું.

સંજય રાઉતે કહ્યું કે આ એક મોટો દિવસ છે. બાલાસાહેબનો સંપૂર્ણ પરિવાર આજે એકજૂટ છે. પરિવારની સાથે આજે બાલાસાહેબના પરિવારનું પણ ગઠબંધન થઈ ગયું છે. તેનો મોટો ફાયદો અમને બીએસી અને સ્થાનિક એકમની ચૂંટણીમાં થવાનો છે.

## હવે મોંઘવારીના આંકડા નક્કી કરવા ઇ-કોમર્સ પ્લેટફોર્મના ભાવોને સામેલ કરાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં રિટેલ મોંઘવારી (સીપીઆઇ)ને વધુ ચોકકસ અને ભરોસાલાયક બનાવવા માટે સરકાર હવે એક મોટો ફેરફાર કરવા જઈ રહી છે. હવે મોંઘવારીના આંકડા નકકી કરવા માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મ અને અન્ય ઓનલાઈન માધ્યમથી મળનારા ભાવોને પણ સામેલ કરવામાં આવશે.

આંકડા અને કાર્યક્રમ મંત્રાલય (એમઓએસવી) મોંઘવારી (સીપીઆઈ), ઔદ્યોગિક ઉત્પાદન (આઈઆઈપી) અને જીડીપીને પામવા માટે બેઝયર (આધાર વર્ષ) બદલવાની તૈયારી કરી રહ્યું છે.

મંત્રાલયના અનુસાર રિટેલ મોંઘવારીની નવી સીરીઝ ૧૨ જાન્યુઆરી ૨૦૨૬થી જાહેર કરવામાં આવશે તેનું બેજ વર્ષ ૨૦૨૪ હશે, જયારે જીડીપીના નવા આંકડા ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના આવશે તેનું બેઝ પર ૨૦૨૨-૨૩ હશે. ત્યારબાદ ૨૮ મેના ઔદ્યોગિક ઉત્પાદન (આઈઆઈપી)ની નવી સીરીઝ (બેઝયર ૨૦૨૨-૨૩) જાહેર થશે.



મંત્રાલયે જણાવ્યું હતું કે, હવે ડેટા મેળવવાનો જુની પધ્ધતિની સાથે સાથે ૨૫ લાખથી વધુ વસ્તી વાળા ૧૨ પસંદગીના શહેરોમાં ઈ-કોમર્સ સાઈટ્સથી પણ કિંમતો લેવામાં આવશે. આ ઉપરાંત રેલ ભાડા માટે રેલ્વેથી ડેટા લેવામાં આવશે. ઈંધણ માટે પેટ્રોલીયમ મંત્રાલય પાસેથી જાણકારી લેવામાં આવશે. એર ટિકિટ, ટેલિકોમ સર્વિસ અને નેટ ફિલકસ- એમેઝોન પ્રાઈમ જેવા ઓટીટી પ્લેટફોર્મના દામ ઓનલાઈન પધ્ધતિથી મેળવવામાં આવશે.

## ભારત એક સેક્યુલર દેશ છેઃ નીતિન ગડકરી



તાજેતરમાં આરએસએસના સંઘ કાર્યવાહ મોહન ભાગવતે કહ્યું હતું કે ભારત બંધારણીય રીતે ભલે હિન્દુ રાષ્ટ્ર ન હોય પણ તે હિન્દુ રાષ્ટ્ર જ છે. ત્યારે કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ મોટું નિવેદન કર્યું છે કે ભારત ધર્મ નિરપેક્ષ દેશ છે અને હંમેશા રહેશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ મંગળવારે જણાવ્યું હતું કે દેશ આજે પણ સમાજમાં હિન્દુ-મુસ્લિમ સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. આ કોંગ્રેસની સેકયુલરવાદી વિચારધારા અને વોટ બેંકની રાજનીતિના કારણે છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે ભારત એક સેકયુલર દેશ છે, રહ્યો છે, રહેશે. એ ભાજપ કે આરએસએસના કારણથી નહીં, બલકે ભારતીય સંસ્કૃતિના કારણે છે.

## બાંગ્લાદેશના સૂર બદલાયાઃ ભારત સાથે સારા સંબંધો ઇચ્છીએ છીએ



**મુખ્ય સમાચાર, ઢાંકા**

બાંગ્લાદેશમાં ચાલી રહેલી હિંસા, હિન્દુઓની હત્યા અને ભારત-વિરોધી જુવાળ વચ્ચે, હવે બાંગ્લાદેશના સૂર બદલાતા જોવા મળી રહ્યા છે. વચગાળાની સરકારના નાણાકીય સલાહકાર સલેહુદ્દીન અહેમદે એક મોટું નિવેદન આપતા કહ્યું છે કે, 'મુખ્ય સલાહકાર પ્રોફેસર મોહમ્મદ યુનુસ ભારત સાથેના તણાવપૂર્ણ સંબંધોને સુધારવા માટે સક્રિય પ્રયાસો કરી રહ્યા છે.' તેમનું શાસન આર્થિક હિતોને રાજકીય બયાનબાજીથી અલગ રાખીને ભારત સાથે મજબૂત આર્થિક સંબંધો વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. સરકારી ખરીદી પરની સલાહકાર પરિષદની બેઠક બાદ સલેહુદ્દીન અહેમદે કહ્યું, 'મુખ્ય સલાહકાર ભારત સાથેના રાજદ્વારી સંબંધોને બહેતર બનાવવાની દિશામાં કામ કરી રહ્યા છે. તેમણે આ સંબંધમાં ઘણા સંબંધિત પક્ષો સાથે ચર્ચા પણ કરી છે.'

જોકે, જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું યુનુસે ભારતના અધિકારીઓ સાથે સીધી વાત કરી છે, ત્યારે તેમણે સ્પષ્ટ કર્યું કે, એવું થયું નથી, પરંતુ તેમણે આ મુદ્દા સાથે જોડાયેલા લોકોનો સંપર્ક કર્યો છે.

અહેમદે ભારપૂર્વક જણાવ્યું કે, 'અમારી વ્યાપાર નીતિ રાજકીય વિચારોથી પ્રભાવિત નથી થતી. જો ભારતથી ચોખાની આયાત કરવી વિયેતનામ કે અન્ય જગ્યાઓ કરતાં સસ્તી પડે, તો આર્થિક દ્રષ્ટિએ ભારતથી જ ખરીદવું યોગ્ય રહેશે.' બાંગ્લાદેશે મંગળવારે જ ભારત પાસેથી ૫૦,૦૦૦ ટન ચોખા ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે, જેને તેમણે 'સારા સંબંધો બનાવવાની દિશામાં એક પગલું' ગણાવ્યું હતું.

બાંગ્લાદેશના નાણાકીય સલાહકારનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે ૧૯૭૧માં પાકિસ્તાનથી આઝાદી મળ્યા બાદ ઢાકા અને નવી દિલ્હીના સંબંધો અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયા છે. જોકે, સલેહુદ્દીન અહેમદે પરિસ્થિતિને એટલી ગંભીર ન ગણાવતા કહ્યું, 'બહારથી એવું લાગી શકે છે કે ઘણું બધું થઈ રહ્યું છે, પરંતુ સ્થિતિ એટલી ખરાબ નથી.'

અહેમદે સ્વીકાર્યું કે કેટલાક નિવેદનોને નજરઅંદાજ કરવા મુશ્કેલ છે, પરંતુ તે રાષ્ટ્રીય ભાવનાનું પ્રતિનિધિત નથી કરતા. 'અમે બંને દેશો વચ્ચે કોઈપણ પ્રકારની કડવાશ નથી ઈચ્છતા. જો કોઈ બાહ્ય શક્તિ સમસ્યાઓ ઉભી કરવાનો પ્રયાસ કરી રહી છે, તો તે કોઈપણ દેશના હિતમાં નથી.' વચગાળાની સરકારનો ઈરાદો બંને પડોશીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવી રાખવાનો છે અને આર્થિક નિર્ણયો સંપૂર્ણપણે રાષ્ટ્રીય હિત પર આધારિત રહેશે.

## અમેરિકાના H-1B વિઝા મેળવવાની પ્રક્રિયામાં મોટો અને ઐતિહાસિક ફેરફાર




### લોટરી સિસ્ટમ બંધઃ ૨૭ ફેબ્રુઆરીથી નવી નીતિ

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના H-1B વિઝા મેળવવાની પ્રક્રિયામાં એક મોટો અને ઐતિહાસિક ફેરફાર થવા જઈ રહ્યો છે. અમેરિકન હોમલેન્ડ સિક્યુરિટી ડિપાર્ટમેન્ટએ H-1B વિઝા માટેની લાંબા સમયથી ચાલી રહેલી રેન્ડમ લોટરી સિસ્ટમને સમાપ્ત કરીને વેતન-આધારિત પસંદગી પ્રણાલીને અંતિમ સ્વરૂપ આપી દીધું છે. આનો સીધો અર્થ એ છે કે હવે H-1B વિઝા મેળવવા માટે કિસ્મત નહીં, પરંતુ અરજદારનો પગાર અને તેની કુશળતા મુખ્ય ભૂમિકા ભજવશે.

આ નવો નિયમ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવશે અને તે નાણાકીય વર્ષ ૨૦૨૭ના ઈ-૧ઈ રજિસ્ટ્રેશન પર લાગુ થશે. આ માટેની નોંધણી માર્ચ ૨૦૨૬માં શરૂ થવાની ધારણા છે, જ્યારે પસંદ થયેલા ઉમેદવારોની નોકરી ૧ ઓક્ટોબર, ૨૦૨૬થી શરૂ થશે.

સરકાર દ્વારા એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, H-1B વિઝાની કુલ સંખ્યામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી; દર વર્ષની જેમ ૬૫,૦૦૦ રેગ્યુલર અને ૨૦,૦૦૦ યુએસ એડવાન્સ ડિગ્રી ધારકો માટેના વિઝા યથાવત રહેશે.

નવા નિયમ હેઠળ, જે કંપનીઓ તેમના કર્મચારીઓને વધુ પગાર ઓફર કરશે, તેમની અરજી પસંદ થવાની સંભાવના વધી જશે. ઓછા પગારવાળી નોકરીઓ પણ પાત્ર રહેશે, પરંતુ તેમની પસંદગીની શક્યતા ઓછી થઈ જશે.

ટ્રમ્પ પ્રશાસનનું કહેવું છે કે આ ફેરફારનો મુખ્ય હેતુ સિસ્ટમમાં થતી છેતરપિંડી અને ડુપ્લિકેટ અરજીઓને રોકવાનો છે. છેલ્લા કેટલાક વર્ષોથી એવા આરોપો લાગી રહ્યા હતા કે કેટલીક કંપનીઓ મોટી સંખ્યામાં ઓછા પગારવાળી અરજીઓ દાખલ કરીને લોટરી સિસ્ટમનો દુરુપયોગ કરી રહી હતી.

આ ફેરફારની સૌથી મોટી અને સીધી અસર ભારતીય અરજદારો પર પડવાની સંભાવના છે, કારણ કે દર વર્ષે ઈ-૧ઈ વિઝા મેળવનારાઓમાં ભારતીયોનો હિસ્સો સૌથી વધુ હોય છે. ઉચ્ચ-કુશળ અને વધુ પગાર ધરાવતા ભારતીય પ્રોફેશનલ્સ માટે વિઝા મેળવવાની તકો વધી શકે છે.

જ્યારે, ઓછા પગારવાળી કે એન્ટ્રી-લેવલની નોકરીઓ માટે અરજી કરનારા ભારતીયો માટે -૧ વિઝા મેળવવું હવે પહેલા કરતાં વધુ મુશ્કેલ બની જશે. ખાસ કરીને ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને હેલ્થકેર જેવા ક્ષેત્રોમાં વિદેશી પ્રતિભાઓની માંગ વધુ હોવાથી, આ ક્ષેત્રોમાં કામ કરતા ભારતીયો પર તેની મોટી અસર જોવા મળશે.

# બાંગ્લાદેશમાં હિન્દુ યુવાનની હત્યાના વિરોધમાં મોરબીમાં પૂતળા દહન સહિતના કાર્યક્રમ યોજાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી બાંગ્લાદેશમાં હિન્દુ શ્રમિકની જાહેરમાં થયેલી હત્યાના વિરોધમાં મોરબી શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું. નગર દરવાજા ચોક ખાતે પૂતળા દહન કરીને આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઘટનાને માનવતાને શરમજનક ગણાવી જવાબદાર તત્વો સામે કડક પગલાં લેવા માંગ ઉઠાવવા સાથે જ હિન્દુઓની આસ્થા, ધર્મ અને જીવન પર થતા હુમલાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરાઈ હતી.




મોરબી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ મોરબી શહેર દ્વારા બાંગ્લાદેશમાં હિન્દુ યુવાનની થયેલી જાહેરમાં નિર્મમ હત્યાના વિરોધમાં ઉગ્ર કાર્યક્રમ યોજાયો હતો. હાલના સમયમાં હિન્દુ વિરોધી પ્રવૃત્તિઓ અને હિન્દુઓની આસ્થા, ધર્મ તેમજ જીવને આઘાત પહોંચાડતી ઘટનાઓ સતત વધી રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ગત સપ્તાહે બાંગ્લાદેશના મેમનસિંહ જિલ્લાના ભાલુકા વિસ્તારમાં દીપુદાસ નામના સામાન્ય હિન્દુ શ્રમિક પર ઈસ નિંદાના ખોટા આરોપ લગાવી જેહાદી ભીડ દ્વારા નિર્મમ હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ મૃતદેહને ઝાડ પર લટકાવી સળગાવી દેવાની ઘટના પોલીસ પ્રશાસનની હાજરી વચ્ચે બની હોવાનો આરોપ મૂકાયો હતો, જે સમગ્ર માનવતાને લજ્જિત કરતી ઘટના ગણાવવામાં આવી.

આ ઘટનાને લઈને સમગ્ર દેશમાં આક્રોશની લાગણી જોવા મળી રહી છે. તેના ભાગરૂપે મોરબીના નગર દરવાજા ચોક ખાતે પૂતળા દહન કરીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સરકારને અપીલ કરવામાં આવી હતી કે જેહાદી માનસિકતા ધરાવતા તત્વો અને દેશો સામે કડક પગલાં લેવામાં આવે તેમજ હિન્દુઓના માન-મર્યાદા અને સુરક્ષા માટે દ્રઢ નીતિ અપનાવવામાં આવે.

# મોરબી સિરામિક એસોસિએશન દ્વારા ગાંધીનગરમાં મુખ્યમંત્રી અને મંત્રીઓ સાથે રૂબરૂ મુલાકાત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સિરામિક એસોસિએશનના આગેવાનો દ્વારા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી તથા રાજ્યકક્ષાના મંત્રીઓ સાથે રૂબરૂ મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન બાંધકામ જંત્રી, GPCB, ગ્રાઉન્ડ વોટર, વીજ સબસ્ટેશન અને ગેસના ભાવ જેવા મહત્વના મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે તમામ મુદ્દાઓ પર સરકાર તરફથી હકારાત્મક પ્રતિભાવ અને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હતી.

મોરબી સિરામિક એસોસિએશન દ્વારા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી તથા મંત્રીઓ સાથે રૂબરૂ મુલાકાત યોજીને ઉદ્યોગોને લગતા વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. સિરામીક




એસોસિએશનના પ્રમુખ મનોજભાઈ એરવાડિયા સાથે સુખદેવભાઈ, શામજીભાઈ અને રમેશભાઈ સહિતના આગેવાનોએ મુખ્યમંત્રી તથા તેમના અંગત સચિવ સાથે મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન બાંધકામ જંત્રી સંબંધિત મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા, ખાસ કરીને જૂના યુનિટોમાં વધુ જંત્રી મૂલ્યને કારણે ખરીદ-વેચાણમાં થતી મુશ્કેલીઓ અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ મુદ્દે મુખ્યમંત્રીએ તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા હકારાત્મક અભિગમ વ્યક્ત કર્યો હતો.

રાજ્યકક્ષાના મંત્રી પ્રવિણભાઈ માળી સાથે મુલાકાત લઈ તેમજ ગ્રાઉન્ડ વોટર સંબંધિત પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. આ બાબતે મંત્રીએ સત્વરે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી તેમજ આગામી સમયમાં મોરબીની મુલાકાત લઈ સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ લાવવાનું આશ્વાસન આપ્યું હતું. આ ઉપરાંત રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયા સાથે મુલાકાત દરમિયાન ૬૬ કે.વી. સાપર અને ૨૨૦ કે.વી. રંગપર સબસ્ટેશન અંગે રજૂઆત કરવામાં આવી હતી. જે મુદ્દે તેમણે સંબંધિત વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપી હતી તેમજ ગુજરાત ગેસના ભાવમાં ઘટાડા અંગે પણ સકારાત્મક નિર્ણય લેવા હૈયાધારણા આપી ઉદ્યોગોને સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી.

# જામનગર માવનું ગામ અંબાલામાં ઘેટા બકરાની ચોરી કરનાર ગેંગનો સાગરીત પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જોડિયા તાલુકાના માવનુંગામ તથા અંબાલા ગામમાં ઘેટા બકરાની ચોરી થઈ હતી, જે ચોરી કરનાર ગેંગના એક સભ્યને એલસીબીની ટુકડીએ ઝડપી લીધો છે, જ્યારે તેના અન્ય ચાર સાથીદારોની શોધખોળ હાથ ધરી છે.જોડિયા તાલુકાના માવનું ગામમાં તેમજ અંબાલા ગામમાં વસવાટ કરતા ભરવાડ પરિવારના વાડામાંથી ઘેટા બકરાની ચોરી થઈ હતી, તે તસ્કર ગેંગને પકડવા માટે એલસીબીની ટુકડીએ ઊંડાણપૂર્વકની શોધખોળ હાથ ધર્યા પછી મૂળ ખેડા જિલ્લાના



વતની કિશોર મનુભાઈ તળપદા દેવીપુજકને ઝડપી લીધો છે, અને તેની ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરી છે.જેણે ઉપરોક્ત બંને સ્થળેથી ઘેટા બકરાની ચોરી કરી હોવાનું કબૂલી લીધું છે. પોલીસ દ્વારા વધુ પૂછપરછ કરવામાં આવી હતી, જેમાં તેણે પોતાના અન્ય ચાર સાથીદારોના નામ આપ્યા હતા.જેમાં ખેડાના પરસોત્તમભાઈ પુંજાભાઈ તળપદા ઉપરાંત તેની સાથે નિઝામુદ્દીન મયુદ્દીન શેખ, ગોપાલ ઉર્ફે ગટી તળપદા, અને ઠાકોરભાઈ રાયજીભાઈ દેવીપુજકના નામો આપ્યા હતા, જે ચારેય આરોપીઓને પોલીસે ફરારી જાહેર કરી, તેઓની શોધખોળ હાથ ધરી છે. ઉપરોક્ત ગેંગ દ્વારા જોડિયામાં બે સ્થળે ઘેટા બકરાની ચોરી કર્યાની ઉપરાંત હિંમતનગર, વડોદરા, બાબરા અને પેટલાદમાં અન્ય પાંચ સ્થળે ચોરી કરી હોવાનું પણ સામે આવ્યું છે.

# મોરબી મહાનગરપાલિકાને એક વર્ષ પૂર્ણ થતા આજે વિવિધ કાર્યક્રમો યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાના એક વર્ષ પૂર્ણ થવાના અવસરે MMC@1 અંતર્ગત વિવિધ જનહિતકારી કાર્યક્રમોનું આજે આયોજન કરવામાં આવ્યું છે. શહેરના વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ, હેલ્થ ચેક-અપ અને બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે.

મોરબી મહાનગરપાલિકાના એક વર્ષ પૂર્ણ થવાના અવસરે MMC@1 અંતર્ગત ઉજવણી કાર્યક્રમ યોજવાના છે, આ ઉજવણીના ભાગરૂપે આજરોજ તા. ૨૪/૧૨ (બુધવાર)ના રોજ સવારે ૧૦૩૦ થી ૧૧૦૦ કલાક દરમિયાન મહાનગરપાલિકા કચેરી, વિવિધ ક્લસ્ટર ઓફિસો, નંદીઘર, UHC, STP તથા WTP ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન મહાનગરપાલિકા કચેરી ખાતે તમામ કર્મચારીઓ માટે હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, તદુપરાંત સાંજે ૫ થી ૭:૩૦ કલાક દરમિયાન કોમ્યુનિટી હોલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આ તમામ કાર્યક્રમો દ્વારા પર્યાવરણ સંરક્ષણ, આરોગ્ય જાગૃતિને પ્રોત્સાહન આપતા કાર્યક્રમ યોજાશે. ઉપરોક્ત તમામ કાર્યક્રમોમાં ભાગ લેવા માટે મોરબી મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રોજગાર યોજનાના નામમાંથી ગાંધીજીની બાદબાકીનો વિરોધ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ચાંદીબજાર નજીક ગાંધીના બાવળા પાસે વિરોધ પ્રદર્શન કરી રહેલ કોંગ્રેસના આઠ આગેવાનોની અટકાયત કરતી પોલીસ કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા મહાત્મા ગાંધીના નામ સાથે જોડાયેલી અને ગ્રામીણ ગરીબો માટે આશીવાદ સમાન 'મનરેગા' યોજનાને સંસદમાં સત્તાના જોરે બંધ કરી દેવાના નિર્ણય સામે જામનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું શહેરના ચાંદી બજાર રોડ પર આવેલા પૂજ્ય બાપુના બાવલા પાસે એકત્ર થયેલા કોંગ્રેસના કાર્યકરોએ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરી પોતાનો રોષ ઠાલવ્યો હતો. પોલીસે ટ્રાફિકને નડતરરૂપ થતા હોવાના કારણે આઠ આગેવાનોની અટકાયત કરી હતી.આ પ્રસંગે કોંગ્રેસના અગ્રણી નેતા દિગુભા જાડેજા સરકાર પર આકરા પ્રહારો



કરતા જણાવ્યું હતું કે, હારની ભાજપ સરકાર માત્ર મૂડીપતિઓનું હિત વિચારે છે અને ગરીબ તથા મધ્યમ વર્ગને કચડવાનું કામ કરી સ્કી છે. પૂજ્ય ગાંધીજીના નામ પરથી ચાલતી આ યોજના ગરીબોના રોજી-રોટીનો આધાર હતી, જેને બંધ કરીને સરકારે પોતાની ગરીબ વિરોધી માનસિક્તા છતી કરી છે.કોંગ્રેસી નેતાઓએ વધુમાં ઉમેર્યું હતું કે, સત્તાના નશામાં ચૂર થઈને આર.એસ.એસ.ની વિચારધારા ધરાવતા લોકો ગરીબલક્ષી યોજનાઓનો ભોગ લઈ રહ્યા છે. આ અન્યાયી નિર્ણય સામે કોંગ્રેસ આગામી સમયમાં પણ અહિંસક અને ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર વિરોધ કરવા ચીમકી આપી હતી.આ દેખાવમાં મહામંત્રી ભરત વાળા,તોસિફ પઠાણ, પ્રદેશ મહામંત્રી સહારા મકવાણા,આનંદ ગોહિલ , મહિપાલસિંહ જાડેજા, તેમજ આગેવાનો કાર્યકમમાં જોડાયા હતા. પોલીસે ટ્રાફિકને નડતરરૂપ થતા હોવાના કારણે આઠ આગેવાનોની અટકાયત કરી હતી.

# મોરબીમાં ઢોર પકડ પાર્ટી અને પોલીસને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપનાર પિતા-પુત્ર વિરુદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં રખડતી ગાયો પકડવાની કાર્યવાહી દરમિયાન મહાનગરપાલિકાના કર્મચારીઓ અને પોલીસ સાથે પોતાની ગાયો છોડાવવા ઝઘડો તથા બીભત્સ ગાળો ભાંડી, ધક્કામુકી કરી જાનથી મારી નાખવાની ધમકી આપવાના મામલે આરોપી પિતા-પુત્ર સામે ગુનો નોંધાયો છે. આરોપીઓએ કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હોવાના આરોપ સાથે સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી પોલીસે આગળની તપાસ શરૂ કરી છે.

મોરબી શહેરમાં રખડતી ગાયો પકડવાની કામગીરી દરમિયાન મહાનગરપાલિકાના ઢોર પકડ કર્મચારીઓ અને પોલીસ સાથે ગાળા ગાળી તથા ધમકી આપવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આરોપી કિશનભાઈ ગોગરા અને ભરતભાઇ ગોગરા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૧, ૨૨૪, ૩૫૨, ૩૫૧(૩), ૨૮૧ અને ૫૪ મુજબ ફરિયાદ નોંધાઈ છે. જેમાં મહાનગરપાલિકામાં સેનેટરી સબ ઈન્સપેક્ટર તરીકે ફરજ બજાવતા ફરિયાદી વિપુલભાઈ લખમણભાઈ છૈયા ઉવ.૨૯ એ નોંધાવેલ ફરિયાદમાં જાહેર કર્યું કે, ગઈકાલ તા.૨૩/૧૨ના રોજ મોરબી સામાકાંઠા વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત સાથે રખડતા ઢોર પકડવાની કાર્યવાહી ચાલી રહી હતી. આ દરમિયાન ઉમા ટાઉનશીપ સામે રોડ પરથી ગાયો ટ્રોલીમાં ચડાવ્યા બાદ આરોપી કિશનભાઈ બુલેટ મોટરસાયકલ લઈને પુરઝડપે આવી ટ્રોલીમાં બુલેટ સાથે ઉપર ચડી ગયો હતો અને ગાયો ઉતારવાની માંગણી કરી હતી. ત્યારે મહાનગરપાલિકાનો હુકમ હોવાનું સમજાવતાં આરોપી ઉશ્કેરાઈ ગયો અને બીભત્સ ગાળો આપવા લાગ્યો હતો.

આ ઉપરાંત પોલીસ કર્મચારી વચ્ચે પડતાં આરોપીએ તેમની સાથે પણ બેહૂદું વર્તન કરી યુનિફોર્મ પકડી ધક્કા માર્યા હતા, બાદમાં આરોપીએ પોતાના પિતા આરોપી ભરતભાઈને ત્યાં બોલાવ્યા હતા અને બંને આરોપીઓએ મળીને કર્મચારીઓ અને પોલીસને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીઓએ ગાયો છોડાવવાનો પ્રયાસ કરી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હતી. હાલ સમગ્ર ઘટનાને લઈને પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ટંકારાના બંગાવડી ગામે પારિવારિક ઝઘડામાં ભાઈ-ભાભી દ્વારા ગાળો અને મારી નાખવાની ધમકી

## જમીન અને કુટુંબીક મનદુખને લઈને પરિવારજનો વચ્ચે ઉગ્ર બોલાચાલી

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારાના બંગાવડી ગામે પારિવારિક ઝઘડાનો બનાવ સામે આવ્યો છે. જેઠ અને જેઠાણીએ મહિલાને, તેના પતિ, દીકરી અને સાસુને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગે મહિલાની ફરિયાદને આધારે ટંકારા પોલીસે બન્ને આરોપી પતિ-પત્ની વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટંકારા તાલુકાના બંગાવડી ગામે પારિવારિક ઝઘડામાં ભાઈ-ભાભી દ્વારા ગાળો અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાના બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં બંગાવડી ગામે રહેતા કંચનબેન પ્રફુલભાઈ પ્રાગજીભાઈ દેત્રોજા ઉવ.૪૫ દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવી કે, ગઇ તા. ૧૧/૧૨ના રોજ કંચનબેન અને તેમના પતિ ખેતરે કામે ગયેલા હતા ત્યારે તેમના ઘરે દીકરી કીર્તીબેન અને સાસુ કાંતાબેન હાજર હતા. તે સમયે તેમના કુટુંબી જેઠ આરોપી હરેશભાઈ પરસોતમભાઈ દેત્રોજા તથા જેઠાણી આરોપી મુકતાબેન હરેશભાઈ દેત્રોજા ઘરે આવી ગાળો બોલતા હોય તે બાબતે દીકરી દ્વારા ફોનથી જાણ કરવામાં આવી હતી. ત્યારે ફરિયાદી કંચનબેન અને તેમના પતિ ઘરે પહોંચતા બંને આરોપીઓએ ફરીથી ગાળો આપી દીકરી-દિકરાના લગ્ન નહીં થવા દેવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ બનાવ અંગેની ફરિયાદને આધારે ટંકારા પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાંથી દારૂ સાથે બે ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એલસીબીની ટીમે શહેર તથા દરેડ જીઆઈપીસીમાંથી દારૂની બોટલ સાથે બે શખ્સોને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે એક સપ્લાયરનું નામ ખુલતાં પોલીસે તેને ફરારી જાહેર કર્યા હતાં. પોલીસે કુલ ૨૩ બોટલ દારૂ કબ્જે કરી પકડાયેલા બન્ને સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પ્રથમ દરોડાની વિગત મુજબ એલસીબીની ટીમે બાતીમના આધારે જામનગર શહેર નજીકના દરેડ ખાતે આવેલ જીઆઈડીસી ફેસ-૨માં ગૌશાળા પાસે આવેલ સર્કલમાં શિવશક્તિ પાન એન્ડ કોલ્ડ્રીંક્સ નામની દુકાને દરોડી પાડ્યો હતો. દુકાન ચલાવતાં વિનોદગીરી ઈશ્વરગીરી ગૌસ્વામી રહે.દરેડ તક્ષશિલાનગર શેરી નં.૨, મહાદેવ મંદિર પાસે, જામનગર.નામના શખ્સના કબ્જામાંથી રૂ.૧૨,૧૦૦ ની કિંમતની ૧૧ દારૂની બોટલો મળી આવતા પોલીસે તેની અટકાયત કરી વધુ પૂછપરછ હાથ ધરતાં દારૂની આ બોટલો સપ્લાય કરનાર શહેરના શંકરટેકરી વિસ્તારમાં રહેતાં દિપ અનીલભાઇ સોંદરવાનું નામ આપ્યું હતું. જેથી પોલીસે તેની શોધખોળ હાથ ધરી હતી.એલસીબીની ટીમે તુરંત જ શહેરના શંકરટેકરી સિધ્ધાર્થ કોલોની શહેરી નં.૬માં રહેતાં દિપભાઇ



અનિલભાઈ સોંદરવા ઉ.વ.૨૨.ના રહેણાંક મકાને દરોડો પાડ્યો હતો.

મકાનની તલાશી લેતાં પોલીસને રૂા.૧૩,૨૦૦ ની કિંમતની ૧૨ બોટલ દારૂ મળી આવ્યો હતો.પોલીસે દારૂની આ બોટલો સાથે દિપભાઈની અટકાયત કરી વધુ પૂછપરછ કરતાં દારૂની આ બોટલો સપ્લાય કરનાર યુવરાજસિંહ જાડેજા રહે.સાધના કોલોની, જામનગરનું નામ ખુલતાં પોલીસે તેને ફરારી જાહેર કરી તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જ્યારે બન્ને દરોડામાં પકડાયેલાં વિનોદગીરી ગૌસ્વામી અને દિપ સોંદરવા સામે પ્રોહિબીશનની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# હિજાબ મુદ્દે નિતિશ સામે જામનગરમાં આમ આદમી પાર્ટીનો ઉગ્ર વિરોધ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં આમ આદમી પાર્ટી દ્વારા લાલબંગલા સર્કલ ખાતે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો.બિહારના મુખ્યમંત્રી નિતિશકુમાર દ્વારા મુસ્લીમ મહિલા તબીબના ખેંચવામાં આવેલા હિજાબના મુદ્દે એક તરફ દેશભરમાં મુસ્લીમ સમાજ દ્વારા વિરોધ કરવામાં આવી રહયો છે ત્યારે આજે જામનગરમાં આમ આદમી પાર્ટી દ્વારા લાલબંગલા સર્કલ ખાતે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો, જો કે પોલીસે નિતિશબાબુના પુતળાની પુરેપુરી સુરક્ષા કરી હતી, આ આશ્ચર્યજનક કાર્યક્રમ દરમ્યાન આપના ૩૦થી વધુ આગેવાનો-કાર્યકરોની પોલીસ દ્વારા અટક કરવામાં આવી હતી આમ નિતિશના હિજાબનો મુદ્દો ધીમે ધીમે ગરમાતો જાય છે.બિહારમાં એક કાર્યક્રમ દરમ્યાન નિતિશકુમાર દ્વારા તબીબી વિદ્યાર્થીની ડો. પરવીનનો એક જાહેર કાર્યક્રમમાં હિજાબ ખેચવામાં આવ્યો હતો અને જોતજોતામાં તે વાયરલ થઇ જતા વિરોધ ઉઠયો હતો, બિહારમાં,



યુપીમાં, મહારાષ્ટ્રમાં નિતિશકુમાર સામે વિરોધ કરવામાં આવી રહયો છે ત્યારે આજે જામનગરમાં લાલબંગલા સર્કલ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની જાહેરાત કરાઇ હતી.લાલબંગલા સર્કલ ખાતે પુર્વ વિપક્ષી નેતા અને આમ આદમી પાર્ટીના અસલમ ખીલજી, ઝેનબબેન ખફી,આપના શહેર પ્રમુખ રાજેન્દ્રસિંહ સોઢા, પુર્વ નગરસેવક હાજી રીઝવાન જુણેજા સહિત આપના સંખ્યાબંધ આગેવાનો, કાર્યકરોએ નિતિશકુમાર સામે વિરોધ નોંધાવ્યો હતો, નિતિશનું પુતળુ બનાવીને સળાવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ પોલીસ દ્વારા પુતળાની સુરક્ષા કરવામાં આવી હતી, આપના આક્રોશીત મહિલા આગેવાને નિતિશની તસવીરો પર ચપ્પલો ફટકારી હતી અને બિહારના મુખ્યમંત્રીની તસવીરો પગ નીચે કચડવામાં.આવી.હતી.આશ્ચર્યજનક કાર્યક્રમ દરમ્યાન પોલીસ આવી પહોંચી હતી અને તાત્કાલીક આપના ૩૦ જેટલા આગેવાનો-કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી, આપ દ્વારા આ કાર્યક્રમમાં બિહારના મુખ્યમત્રી નિતિશકુમાર તાત્કાલીક અસરથી માફી માગે તેવી માંગણી કરવામાં આવી હતી.

# ઉનાના કાળાપાણ ગામે મહિલા સરપંચ દ્વારા શિક્ષિકાને માર મારતા આવેદન પત્ર પાઠવ્યું



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના કાળાપાણ ગામે પ્રાથમિક પ્રાથમિક શાળામાં ભણાવતા મહિલા શિક્ષિકાને મહિલા સરપંચ દ્વારા ઢોર માર મારતા મામલો ઉગ્ર બન્યો છે જ્યારે અનેક સામાજિક કાર્યકરો દ્વારા આવેદનપત્ર પાઠવી અને રજૂઆત કરી રહ્યા છે ત્યારે આજે મૂળ નિવાસી મુક્તિ મોરચાના અધ્યક્ષ જેસીંગભાઇ શામજીભાઈ રાઠોડ દ્વારા ઉના પ્રાંત અધિકારીમાં આવેદનપત્ર પાઠવી અને રજૂઆત કરવામાં આવી છે પ્રાત માહિતી અનુસાર તાલુકાના કાળાપાણ ગામે એ પ્રાથમિક શાળામાં મહિલા શિક્ષિકાએ બાળકને કોઈ બાબતે ઠપકો આપ્યો હશે જેને લઈને તેના સ્થાનિક સરપંચ ઉગ્ર થઈ ગયા અને તાત્કાલ તેઓ પ્રાથમિક શાળાએ પહોંચ્યા ત્યાં ભણાવતા મહિલા શિક્ષિકાને સરપંચ તેમજ તેમની સાથે આવેલા પટોળા એ ઢોર માર માર્યો આ મામલો ઉગ્ર બનતા મામલો પોલીસ સ્ટેશનને પહોચ્યો પોલીસે કાર્યવાહી કરી છે પણ સરકાર એક તરફ બેટી બચાવો બેટી પઢાવો ના નારા લગાવે છે અને બીજી તરફ મહિલા થઈને મહિલા ને ઢોર માર મારે છે એ કેટલું યોગ્ય મહિલા સરપંચ અને તેના ટોળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે સરપંચ પદેથી દૂર કરવામાં આવે તેવી માંગણી અને લાગણી સાથે મૂળ નિવાસી મુક્તિ મોરચા અધ્યક્ષ જેસીંગભાઈ શામજીભાઈ રાઠોડ દ્વારા આવેદનપત્ર પાઠવી અને એક ધારદાર રજૂઆત કરવામાં આવી છે.

# મોરબીમાં નવરાત્રી ગ્રાઉન્ડ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહનો ભવ્ય પ્રારંભ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાકાંઠે નવરાત્રી ગ્રાઉન્ડમાં ગઈકાલ તા. ૨૩/૧૨થી શ્રીમદ્ ભાગવત સપ્તાહનો આરંભ થયો છે. મહામંડલેશ્વર રત્નેશ્વરી દેવી ગુરુ મહંતશ્રી ભાવેશ્વરી દ્વારા સંગીતમય શૈલીમાં ભાગવત કથાનો રસાસ્વાદ કરાવવામાં આવી રહ્યો છે. આ કથા તા. ૨૯/૧૨/૨૦૨૫ સુધી ચાલુ રહેશે ત્યારે ધર્મપ્રેમી જનતાને મોટી સંખ્યામાં કથા શ્રવણનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

મોરબી શહેરના સામાકાંઠે માઁ નવરાત્રી ગ્રાઉન્ડ, ઉમા ટાઉનશિપ સામે શ્રીમદ્ ભાગવત સપ્તાહનો ભવ્ય પ્રારંભ ગઈકાલ તા. ૨૩/૧૨/૨૦૨૫ના રોજ થયો છે. આ ભાગવત કથામાં મહામંડલેશ્વર રત્નેશ્વરી દેવી ગુરુ મહંતશ્રી ભાવેશ્વરીમાં રામધન આશ્રમ મોરબી વાળા દ્વારા સંગીતમય શૈલીમાં શ્રીમદ્




ભાગવત કથાનું રસપાન કરાવવામાં આવી રહ્યું છે. શ્રીમદ્ ભાગવત કથા તા. ૨૩/૧૨/૨૦૨૫થી તા. ૨૯/૧૨/૨૦૨૫ સુધી દરરોજ બપોરે ૨ થી ૬ વાગ્યા સુધી કથાનો સમય નિર્ધારિત રાખવામાં આવ્યો છે. આ કથાના મુખ્ય યજમાન તરીકે મકવાણા પરિવાર દ્વારા સેવા આપવામાં આવી રહી છે. જ્યારે રાજકોટ કાગદડી ગુરુકૃપા આશ્રમના ગુરુદેવ બ્રહ્મલીન સંત પુ. સીતારામબાપુના આશિર્વાદથી અને મહંત ભુપતબાપુના સાનિધ્યમાં આ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વિદ્વાન ભુદેવો દ્વારા દરરોજ સવારે ૮ થી ૧૧:૩૦ કલાક દરમિયાન મહાપૂજા અને મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું છે.

આ ઉપરાંત ૧૦૮ રાંદલ માતાજીના લોટાના આયોજન અંતર્ગત સંતો, મહંતો તથા અનેક આગેવાનો ઉપસ્થિત રહેશે. આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા માટે મકવાણા પરિવાર તથા મહંતશ્રી ભુપતબાપુ ગુરુકૃપા આશ્રમ કાગદડી દ્વારા ધર્મપ્રેમી જનતાને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું હોવાનું મુકેશ ભગતની યાદીમાં જણાવાયું છે.

# હળવદ રણછોડગઢના પાટીયા નજીક ઈંગ્લીશ દારૂના ૨૦ ચપલા સાથે યુવક ઝડપાયો

હળવદ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન કડીયાણાથી માથક જવાના રસ્તે રણછોડગઢના બોર્ડ નજીક શંકાસ્પદ હાલતમાં ઉભેલ આરોપી નિખિલ રાજુભાઇ ગોહીલ ઉવ.૨૦ રહે. માથક ચોર પાસે તા. હળવદ વાળા પાસે રહેલ થેલીની તલાસી લેતા તેમાંથી ઈંગ્લીશ દારૂ ડિસ્કાઉન્ટ પ્રીમિયમ વ્હિસ્કીની ૧૮૦મીલી.ની ૨૦ બોટલ કિ.રૂ ૨,૦૦૦/-મળી આવતા, તુરંત આરોપીની અટક જારી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી હળવદ પોલીસે આગળની તપાસ ચલાવી છે.

# મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભાની બેઠક ૨ જાન્યુઆરીએ યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભાની બેઠક તા. ૦૨/૦૧/૨૦૨૬ના રોજ યોજાશે. બેઠકમાં વિવિધ વહીવટી, વિકાસલક્ષી અને નાણાકીય મુદ્દાઓ પર ચર્ચાઓ તેમજ વિવિધ ઠરાવોને બહાલી આપવામાં આવશે. મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભાની બેઠક આગામી તા. ૦૨/૦૧/૨૦૨૬ (શુક્રવાર)ના રોજ સવારે ૧૨૦૦ કલાકે જીલ્લા પંચાયત મોરબીના સભાખંડ ખાતે યોજાશે. આ બેઠક જીલ્લા વિકાસ અધિકારી તથા જીલ્લા પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને મળશે. બેઠકમાં ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધ અને ઠરાવોની અમલવારીને બહાલી આપવી, વિવિધ સમિતિઓની કાર્યવાહી નોંધને મંજૂરી આપવી સહિતના મુદ્દાઓ રજૂ કરવામાં આવશે. ઉપરાંત જીલ્લા પંચાયતના સ્વભંડોળ, રેતી રોયલ્ટી, ૧૫મા નાણાપંચના હેતુફેરના કામો અંગે સૈધાંતિક તથા વહીવટી મંજૂરી અને બહાલી સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થશે. સાથે જ સભ્યો તરફથી રજૂ થનારા પ્રસ્તાવો અને પ્રમુખસ્થાનેથી રજૂ કરાયેલા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવશે તેમ યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં બાયો ટેકનેલોજી મિશનના સહયોગથી ૨૫ ડિસેમ્બરે કૃષિ સંસ્કાર પર્વ યોજાશે

## પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અને વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બાયોટેકનેલોજી મિશનના સહયોગથી રાજકોટમાં જય વિદ્યાલય દ્વારા ૨૫ ડિસેમ્બરના રોજ પ્રાકૃતિક ખેતી અંગે જનજાગૃતિ લાવવા માટે કૃષિ સંસ્કાર પર્વનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતો, સામાન્ય નાગરિકો અને વિદ્યાર્થીઓને રાસાયણિક ખાતરમુક્ત ખેતી પદ્ધતિથી માહિતગાર કરવાનો છે.

રાજકોટમાં કાલાવડ રોડ, છાપરા ગામ ખાતે આવેલા જય એજ્યુકેશનલ કેમ્પસ ખાતે ૨૫મીએ સવારે ૯.૩૦થી સાંજે ૪.૩૦ સુધી આ કાર્યક્રમ યોજાશે. જેમાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રના નિષ્ણાંતો, કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન અપાશે. જ્યારે વિદ્યાર્થીઓ માટે ક્વિઝ, પોસ્ટર અને વકતૃત્વ સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ હાથ ધરાશે. સ્પર્ધાઓમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને મેડલ અને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય બાયોટેકનોલોજી મિશનના ડિરેક્ટર દિગ્વિજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરો અને કીટનાશકોના વધુ પડતા ઉપયોગથી જમીનની ફળદ્રુપતા અને લોકોના આરોગ્ય પર માઠી અસરો થઈ રહી છે. પ્રાકૃતિક ખેતી એ પ્રકૃતિના નિયમો મુજબ થતી ખેતી છે, જેનાથી પાકની ગુણવત્તા સુધારી શકાય છે અને ખેતી ખર્ચમાં ઘટાડો કરી શકાય છે.

નોંધનીય છે કે, રાજ્યમાં બાયોટેકનોલોજી ક્ષેત્રના વિકાસ માટે નોડલ એજન્સી તરીકે કાર્યરત ગુજરાત રાજ્ય બાયોટેકનોલોજી મિશન દ્વારા પ્રાકૃતિક ખેતી નેટવર્ક રિસર્ચ પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. આ પ્રોગ્રામ અંતર્ગત રાજ્યની કૃષિ કોલેજો અને યુનિવર્સિટીઓને પ્રાકૃતિક ખેતીના પડકારોના નિરાકરણ અને સંશોધન માટે સહાય પુરી પાડવામાં આવે છે. સરકારનો ઉદ્દેશ્ય બાયોટેકનોલોજીના માધ્યમથી કુશળ માનવબળ તૈયાર કરી વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ઈકોસિસ્ટમ વિકસાવવાનો છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તરઘડિયા ખાતે 'રાષ્ટ્રીય કિસાન દિવસ'ની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા. ૨૩ ડિસેમ્બરે ભારત દેશના પાંચમા વડાપ્રધાન સ્વ. ચૌધરી ચરણસિંહનો જન્મદિવસ છે. તેમના કાર્યકાળ દરમિયાન લેવાયેલા ખેડૂતલક્ષી ઉપયોગી નિર્ણયોના લીધે ખેડૂતોને અનેક લાભ થયેલા. આથી, પ્રતિ વર્ષ ૨૩ ડીસેમ્બરને 'રાષ્ટ્રીય કિસાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ આઈ.સી.એ.આર.ની ૧૧૩ ઈન્સ્ટીટ્યુટ, ૭૩૧ કે.વી.કે., ૭૫ જેટલી કૃષિ યુનિવર્સીટીઓ ખાતે તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ 'રાષ્ટ્રીય કિસાન દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, તરઘડિયા ખાતે આયોજિત કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી ભારત સરકારના કેબિનેટ કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ, રાજ્ય કક્ષાના મંત્રી ભગીરથ ચૌધરી, કૃષિ મંત્રાલયના સચિવ દેવેશ ચતુર્વેદી, આઈ.સી.એ.આર.ના ડાયરેક્ટર ડો. એમ. એલ. જાટ, ડી.ડી.જી. ડો. રણધીરસિંઘ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

મંત્રીએ સ્વ. ચૌધરી ચરણસિંહે કરેલા ખેડૂત હિતલક્ષી કાર્યો અને તેનાથી ખેડૂતોને થયેલા ફાયદાઓ વિશે જણાવ્યું હતું. આ સાથે ભારત સરકાર દ્વારા આગામી દિવસોમાં જી-રામ-જી બિલ અમલી થતાં ખેડૂતોના જીવનમાં સકારાત્મક પરિવર્તનની લહેર આવશે, તેવી આશા વ્યક્ત કરી હતી. તેમજ નિષ્ણાતોએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના ફાયદાઓ જણાવી, પ્રાકૃતિક ખેત પદ્ધતિ અપનાવવા અનુરોધ કર્યો હતો.

આ તકે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો. એમ. એમ. તળપદા, વૈજ્ઞાનિકો ડો. જે. એચ. ચૌધરી, ડી. પી. સનેપરા, ડો. એમ. એમ. તાપરા, ડો. એચ. એચ. પર્ફ્યુમ્બીયા, ડો. જી. વી. મારવિયા, વી. ડી. વોરા, ડો. વી. બી. રાઠોડ સહિત સ્ટાફ અને ૧૨૭ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં, તેમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તરઘડિયાની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ શહેરના ટ્રાફિકને મળશે મોટી રાહતઃ રૂડા દ્વારા આધુનિક બ્રિજ -ફ્લાયઓવરનું કાર્ય ઝડપથી પૂર્ણ થવાની દિશામાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના ઝડપી વિકાસ અને વધતા વાહનવ્યવહારને ધ્યાનમાં રાખીને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા શહેરના રીંગ રોડ-૨, કણકોટ રોડ થી કોરાટ ચોક વિસ્તારમાં આધુનિક બ્રિજ / ફ્લાયઓવરનું નિર્માણ કાર્ય યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પૂર્ણ થતા શહેરના ટ્રાફિક પ્રશ્નોનું સ્થાયી સમાધાન મળશે તેમજ નાગરિકોને સમય, ઇંધણ અને સલામતીની દ્રષ્ટિએ નોંધપાત્ર લાભ થશે.

આ કામગીરી અંગે સ્લેબ તોડવાના કારણ અંગે જણાવવાનું કે, કાર્યપાલક ઈજનેરની સાઈટ વિઝીટ દરમ્યાન રોડની ડાબી બાજુ ચાલતા બ્રીજ-૩માં પ્રથમ સ્લેબની ક્રોંકિટ પોરીંગ કામગીરી દરમ્યાન લગાવવામાં આવેલ સપોર્ટની નીચે સેટલમેન્ટ થવાને કારણે ચેનલમાં નુકશાન થયેલ જણાયેલ જેથી તકેદારીના ભાગરૂપે એજન્સીને આ સ્લેબનું તમામ ક્રોંકીટ તથા સ્ટીલ રીમુવ કરવાની સુચના અપાયેલ હોય એજન્સી દ્વારા સ્લેબ રીમુવ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે આ બ્રિજ / ફ્લાયઓવર શહેરના મુખ્ય માર્ગોને જોડતું મહત્વપૂર્ણ માધ્યમ બનશે. હાલમાં ટ્રાફિક ભીડ, સિગ્નલ પર લાંબી રાહ અને અકસ્માતોની શક્યતા જે રીતે વધી રહી હતી, તેને ધ્યાનમાં રાખીને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળએ આયોજનબદ્ધ રીતે આ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. નિષ્ણાત ઈજનેરોની દેખરેખ હેઠળ આધુનિક ટેકનેલોજી અને ઉચ્ચ ગુણવત્તાની સામગ્રી વડે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

બ્રિજ / ફ્લાયઓવરનું નિર્માણ કાર્ય દરમિયાન સલામતીના તમામ ધોરણોનું કડક પાલન કરવામાં આવી રહ્યું છે. કામ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ડાયવર્ઝન, સૂચનાત્મક બોર્ડ અને ટ્રાફિક પોલીસ સાથે સંકલન કરીને આયોજન કરવામાં આવ્યું છે, જેથી શહેરીજનોને ઓછીથી ઓછી અસુવિધા થાય.

આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ વાહનોના સ્ટોપેજમાં ઘટાડો થતાં પ્રદૂષણમાં પણ ઘટાડો થશે, જે પર્યાવરણની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ છે.

# વાંકાનેરમાં ક્યુટોન સિરામિકમાં રિવર્સ આવતી કાર દોઢ વર્ષની બાળકી ઉપર ફરી વળતા મોત

## રમતી વખતે બનેલી દુર્ઘટનાથી શ્રમિક પરિવાર શોકમાં ગરકાવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેર તાલુકાના વઘાસીયા સીમમાં આવેલી ક્યુટોન સિરામિક ફેક્ટરીમાં કરૂણ અકસ્માત સર્જાયો હતો. જેમાં રિવર્સ આવતી ફોરવ્હીલ કાર દોઢ વર્ષની માસુમ બાળકી ઉપર ફરી વળતાં તેનું મોત નીપજ્યું હતું. ઘટનાને લઈને વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદને આધારે પોલીસે આરોપી કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

વાંકાનેર તાલુકાના વઘાસીયા ગામની સીમ વિસ્તારમાં આવેલી ક્યુટોન સિરામિક ફેક્ટરીમાં તા. ૨૦/૧૨/૨૦૨૫ના રોજ સાંજના અરસામાં કરૂણ અકસ્માત સર્જાયો હતો. ફેક્ટરી પરિસરમાં ફોર વ્હીલ કાર રજી.નં. જીજે-૦૭-એઆર-૦૦૧૪ ના ચાલકે કાર રિવર્સ લેતી વખતે ત્યાં રમતી દોઢ વર્ષની માસુમ બાળકી આયુશીને હડફેટે લેતા બાળકીને ગંભીર ઈજા પહોંચી હતી. ગંભીર રીતે ઘાયલ થયેલી બાળકીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવ અંગે બાળકીના પિતા જીતેન્દ્રભાઈ સુરપસિંહ અજનાર રહે. હાલ ક્યુટોન સીરામીક મૂળરહે.જુનાપાની જી.ધાર મધ્યપ્રદેશ વાળાએ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. હાલ વાંકાનેર સીટી પોલીસે આરોપી કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરની એમ.પી.શાહ મેડિકલ કોલેજમાં પોસ્ટ ગ્રેજ્યુએટ માટે ૨૮ બેઠકોનો વધારો કરાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં બેઠકો વધતા સેન્ટ્રલ આઈસીસીયુ અંગેની ગાઈડલાઈન માટે સંસ્થાને પૂરતું માનવબળ મળી રહેશે સાથે જ જિલ્લાના છેવાડાના દર્દીઓને નિષ્ણાત તબીબોની સુવિધા મળશે-ડીન ડો.નંદિની દેસાઈ.જામનગર એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ જામનગર ખાતે કાર્યરત ૨૨ પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સિસ માટે નેશનલ મેડિકલ કમિશન તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સતત પ્રયત્નોને કારણે અત્યંત મહત્વની કુલ ૨૮ બેઠકોનો વધારો મંજૂર કરવામાં આવ્યો છે. આ નિર્ણયને પગલે સંસ્થામાં શૈક્ષણિક સ્તરની સાથે સાથે આરોગ્ય સુવિધાઓમાં પણ મોટો વધારો થશે. ખાસ કરીને મેડિકલ કમિટીના નિર્ણય મુજબ MD-એનેસ્થેસિયોલોજીમાં ૦૫ બેઠકો વધીને ૨૨, MD-જનરલ મેડિસિનમાં ૦૯ બેઠકો વધીને ૩૦, MD-કોમ્યુનિટી મેડિસિનમાં ૦૩ બેઠકો વધીને ૧૫ અને MD-રેડિયો ડાયગ્નોસિસમાં ૦૩ બેઠકો વધીને ૧૫ થઈ છે. આ ઉપરાંત સાયકિયાટ્રી વિભાગમાં ૦૨ બેઠકો તેમજ માઈક્રોબાયોલોજી, ઓપ્થેલ્મોલોજી, ENT અને સ્કીન વિભાગમાં ૧-૧ બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે.સંસ્થાના ડીન ડોક્ટર નંદની દેસાઈએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, સરકાર દ્વારા



સેન્ટ્રલ આઈસીસીયુ માટે બનાવવામાં આવેલી ગાઈડલાઈન મુજબ સંસ્થાને પૂરતું માનવબળ મળી રહે તે માટે આ વધારો આશીર્વાદરૂપ સાબિત થશે.વધુમાં,નેશનલ મેડિકલ કમિશનના 'ડિસ્ટ્રિક્ટ રેસીડેન્ટ પ્રોગ્રામ' હેઠળ આ ડોક્ટરોને તબક્કાવાર છેવાડાના વિસ્તારોમાં ત્રણ માસ માટે પોસ્ટિંગ આપવામાં આવે છે. હવે બેઠકો વધવાને કારણે જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વસતા દર્દીઓને ઘર આંગણે જ સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોની શ્રેષ્ઠ સારવાર મળી રહેશે. આ મહત્વપૂર્ણ શૈક્ષણિક અને આરોગ્યલક્ષી સિદ્ધિ બદલ ડીન ડો.નંદની દેસાઈએ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મોરબીમાં ૧૧ જાન્યુઆરીએ મહિલાઓ માટે વુમન એમ્પાવરમેન્ટ મેગા કેમ્પનું ભવ્ય આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં મહિલાઓના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખી કલ્યાણ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-મોરબી દ્વારા આગામી ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ "વુમન એમ્પાવરમેન્ટ મેગા કેમ્પ-૨૦૨૬" યોજાશે. મહિલાઓની સુરક્ષા, સ્વાસ્થ્ય, ડિજિટલ જાગૃતિ, આત્મવિશ્વાસ અને આર્થિક સ્વાવલંબન માટે આ કેમ્પ સંપૂર્ણ પ્રેક્ટિકલ આધારિત રહેશે. કેમ્પમાં સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ, હેલ્થ માર્ગદર્શન, સાઈબર સેફ્ટી, હોમ બિઝનેસ માર્ગદર્શન સહિત વિવિધ વિષયો આવરી લેવામાં આવશે. સાથે જ સમાજમાં વિશેષ કાર્ય કરનાર ૧૩ બહેનોનું સન્માન તથા દરેક હાજર બહેનને રૂ.૫૦૦/-ની કિંમતનું કોમ્પ્લિમેન્ટરી ગિફ્ટ આપવામાં આવશે.

મોરબી શહેરમાં મહિલાઓ માટે એક ઐતિહાસિક અને અનોખું આયોજન થવા જઈ રહ્યું છે. કલ્યાણ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-મોરબી દ્વારા મહિલાઓની સુરક્ષા, સ્વાસ્થ્ય, માનસિક શક્તિ, આત્મવિશ્વાસ અને આર્થિક સ્વાવલંબનને કેન્દ્રમાં રાખીને "વુમન એમ્પાવરમેન્ટ મેગા કેમ્પ-૨૦૨૬"નું આયોજન કરવામાં આવ્યું છે. મોરબીમાં પહેલી વખત આટલી વ્યાપક અને સંપૂર્ણ પ્રેક્ટિકલ આધારિત મહિલા કેમ્પ યોજાવાનો છે.

આ કેમ્પનો મુખ્ય હેતુ મોરબી તથા આસપાસની સામાન્ય બહેનોને એવું મજબૂત પ્લેટફોર્મ પૂરૂં પાડવાનો છે, જ્યાં તેઓ પોતાના દૈનિક જીવનમાં સીધો ઉપયોગ કરી શકે તેવી માહિતી, કૌશલ્ય અને આત્મવિશ્વાસ એક જ સ્થળે મેળવી શકે.

આ કેમ્પ તારીખ ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ (રવિવાર)ના રોજ બપોરે ૨ થી સાંજે ૬ વાગ્યા સુધી સરસ્વતી શિશુ મંદિર, સનાળા રોડ, મોરબી ખાતે યોજાશે. આ કાર્યક્રમ કોઈ ભાષણ આધારિત નથી, પરંતુ સંપૂર્ણ રીતે એક્ટિવિટી અને પ્રેક્ટિકલ ઉપર આધારિત રહેશે.

કેમ્પ દરમિયાન મહિલાઓને સેલ્ફ-ડિફેન્સ માટે લાઈવ પ્રેક્ટિકલ ટ્રેનિંગ આપવામાં આવશે, જેથી તેઓ રોજિંદા જીવનમાં પોતાની સુરક્ષા જાતે કરી શકે. સાથે જ મહિલાઓના આરોગ્ય, સુરક્ષા અને સ્ટ્રેસ રિલીફ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આજના ડિજિટલ યુગમાં વધી રહેલા સાયબર ગુનાઓને ધ્યાનમાં રાખી ડિજિટલ સેફ્ટી અને સાઈબર અવેરનેસ અંગે પણ સરળ સમજ આપવામાં આવશે. આ ઉપરાંત મહિલાઓ ઘેર બેઠા નાના ગૃહઉદ્યોગ શરૂ કરી આત્મનિર્ભર બની શકે તે માટે હોમ બિઝનેસ અને ગૃહઉદ્યોગ અંગે માર્ગદર્શન મળશે. બાળકોના ઉછેર, પેરેન્ટિંગ અને પરિવાર સંભાળ અંગે પણ ઉપયોગી સૂચનો આપવામાં આવશે. ફન એક્ટીવીટીઝ, કોન્ફિડન્સ ગેમ અને ગ્રુપ એક્ટિવિટીઝ દ્વારા બહેનોમાં આત્મવિશ્વાસ વિકસાવવામાં આવશે. કાર્યક્રમમાં મોરબી જીલ્લાના વિવિધ ક્ષેત્રોમાં સમાજ માટે ઉત્તમ કાર્ય કરનાર ૧૩ પ્રેરણાદાયી બહેનોનું વિશેષ સન્માન કરવામાં આવશે. સાથે જ હાજર રહેનારી દરેક બહેનને રાજકોટની પ્રખ્યાત "કાયાપલટ" સંસ્થા તરફથી ડૉ. અંજુબેન પાડેલીયા દ્વારા રૂ.૫૦૦/- ની કિંમતનું કોમ્પ્લિમેન્ટરી હેલ્થ એન્ડ વેલનેસ ગિફ્ટ આપવામાં આવશે. સમગ્ર કાર્યક્રમ કાયાપલટ દ્વારા પ્રાયોજિત છે. કેમ્પ માટે સીટ મર્યાદિત હોવાથી રજીસ્ટ્રેશન ફરજિયાત રાખવામાં આવ્યું છે. બહેનો ઓનલાઇન લિંક અથવા વોટ્સએપ દ્વારા સરળ રીતે રજીસ્ટ્રેશન કરાવી શકે છે. આયોજકો દ્વારા વધુમાં વધુ બહેનો સુધી આ માહિતી પહોંચે અને મહિલાઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તે માટે સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

# યુવાનનો પડી ગયેલો મોબાઈલ શોધી આપતું કમાન્ડ કંટ્રોલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતો અને જામનગરની હરિયા કોલેજમાં અભ્યાસ કરતો યુવાન ગઈકાલે સોમવારે બપોરે ૧૨.૩૦ વાગ્યાના અરસામાં અંબર ચોકડી પાસેથી પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન એકાએક તેનો મોબાઈલ ફોન પડી ગયો હતો. થોડે દૂર જતાં તેને માલુમ પડ્યું હતું, કે પોતાનો મોબાઈલ ફોન પડી ગયો છે, જે શોધવા માટે પરત ફરતાં તેને મળ્યો ન હોવાથી તેણે તુરતજ જામનગર પોલીસના કમાન્ડ એન્ડ કંટ્રોલ વિભાગની ટીમનો સંપર્ક કર્યો હતો. જેથી ત્યાં ફરજ પર રહેલી પોલીસ ટીમે તરતજ મોબાઈલ ફોન શોધવા માટે કવાયત શરૂ કરી હતી, અને જુદા જુદા સીસી ટીવી કેમેરા ચકાસ્યા હતા.જે દરમિયાન ત્રણ પૈડા વાળી સાયકલ લઈને નીકળેલો એક શખ્સ



મોબાઈલ ફોન ઉઠાવીને સાત રસ્તા તરફ જતો હોય તેવું ધ્યાનમાં આવ્યું હતું. ત્યારબાદ સાત રસ્તા સર્કલના સીસીટીવી કેમેરા ચેક કરતાં ત્યાં તે વ્યક્તિ પસાર થયો ન હોવાથી પોલીસ ટીમને દોડતી કરાવાઈ હતી, અને તેમણે લાલ કલરના શર્ટ વાળા ત્રણ પૈડાના સાઈકલ સવારને આખરે શોધી કાઢ્યો હતો. તેની પૂછપરછ કરતાં તેણે ઉપરોક્ત મોબાઈલ ફોન પોતાની પાસે એક વ્યક્તિ પૈસા માંગતો હોવાથી તેનું કરજ ચૂકવવા માટે મોબાઈલ ગીરવે મુકેલ હોવાનું જણાવ્યું હતું.આથી પોલીસ દ્વારા તાત્કાલિક અસરથી તે વ્યક્તિને સિટી બી. ડિવિઝન પોલીસ મથકે બોલાવી લીધા બાદ ગણતરીની કલાકોમાં જ મોબાઈલ ફોન કબજે કરીને તેના મૂળ માલિક કોલેજીયન યુવાનને પરત કરી દીધો હતો.

# પતિના ત્રાસ થી કંટાળી પત્ની બારડોલીથી વીરપુર પહોંચી

## બહેનને સુરક્ષીત આશ્રય અપાવતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ની ટીમ

**મુખ્ય સમાચાર, જેતપુર**




તા. ૨૨/૧૨/૨૦૨૫ ના રોજ બારડોલી ની એક મહિલા, જેણે પોતાના પરિવાર વિરૂદ્ધ જઈ પ્રેમ લગ્ન કર્યા બાદ પણ પોતાના પતિનું સુખ ના મળતા કંટાળી ગયેલી મહિલા બારડોલી થી કોઈ ને કહ્યા વગર ઘરે થી નીકળી જઈ વીરપુર રેલ્વે સ્ટેશન પર પર પોહચી ગયેલ.. અને તે ખૂબ જ દુઃખી અને રડતી હોય એક જાગરૂત નાગરિક તરીકે રેલ્વે સ્ટેશન માસ્તર એ તેમને રડતા જોઈ મહિલા માટે મદદ માગતા તાત્કાલિક ૧૮૧ જેતપુર સ્થિત ૧૮૧ ટીમના કાઉન્સેલર ભુમિબેન તેમજ રેખા બેન અને પાયલોટ પિયુષભાઈ તુરંત મહિલા ની મદદ માટે ઘટનાસ્થળ પર દોડી ગયેલ..

ઘટનાસ્થળ પર પોહચતા જ મહિલા ને સાંત્વના આપ્યા બાદ શાંતિ થી તેમની સાથે વાતચીત કરતા પીડિત મહિલા એ પોતાની વ્યથા સંભળાવતા જણાવેલ, તેઓ પોતે પોતાના માં - બાપ વિરૂદ્ધ જઈ પ્રેમ લગ્ન કર્યા હતા, જ્યાં લગ્ન જીવન દરમિયાન તેમને દસ વરસ નો દીકરો છે, દીકરો થયા બાદ થોડા સમય સુધી લગ્નજીવન સુખમય ચાલ્યું અને ત્યારબાદ તેમના પતિ તેમના પર વ્હેમ શંકા કરવાનું ચાલુ કરી દીધેલ, અને શંકા ની આડ માં મહિલા પર અત્યાચાર ગુજારવાનું ચાલુ કરી દીધેલ. જો મહિલા કોઈ સાથે ફોન પર વાતચીત કરતા હોય અને ફોન થોડી વાર પણ વ્યસ્ત આવે તો તેમના પતિ સીધું મારઝૂડ કરવાનું ચાલુ કરી દે.

આ રીતે રોજબરોજ ના માનસિક તથા શારીરિક ત્રાસ થી પોતે ખૂબ જ કંટાળી ગયેલા, અને વારંવાર પતિ ના એક જ શબ્દો કે અહી થી નીકળી જા, ઘર છોડી ને જતી રહે... પોતાનો દીકરો પણ જો એમ કહે કે જ્યાં જવું હોય ત્યાં જાવ. છેલ્લે પોતે ખૂબ જ ત્રાસી ગયેલ હોય પોતાનું ઘર છોડવાનું નક્કી કરી દઈ, ઘરે થી કોઈ ને પણ કહ્યા વગર બારડોલી રેલ્વે સ્ટેશન પર જઈ, જે પણ પહેલી ટ્રેન મળી એમાં બેસી ગયેલા અને વીરપુર રેલ્વે સ્ટેશન ઉતરી ગયેલા, જ્યા તેમને દુઃખી અને રડતા હોય જાગૃત નાગરિક તરીકે રેલ્વે સ્ટેશન માસ્તરે મહિલા માટે મદદ માગી. ૧૮૧ ટીમ દ્વારા મહિલાની વાત સાંભળ્યા બાદ તેમના પતિ સાથે ટેલીફોનીક વાતચીત કરેલ અને મહિલા ના પતિ તેમને ઘરે લઈ જવા માગતા હતા અને હવે શાંતિ થી રાખશે તેમ પણ જણાવેલ પરંતુ બેન ને તેમના પતિ પર વિશ્વાસ ન હતો અને ફરી થી તેમની સાથે મારઝુડ કરશે જેથી તેઓ ઘરે કે પોતાના માં - બાપ ના ઘરે પણ જવા માગતા ન હતા તો તેઓને હાલ ક્યા જવું છે અને પોતે કંઈ જગ્યા એ રહેવા માગે છે તે માટે સંસ્થાઓ વિશે માહિતી આપેલ અને તેઓ પોતે કોઈ પણ સંસ્થા માં રહેવા માટે તૈયાર થયા હોય સખી વન સ્ટોપ સેન્ટર ની માહિતી આપી મહિલા પોતે ત્યાં રહેવા ઈચ્છતા હોય આશ્રય અપાવેલ.

# માળીયા(મી) ના ખીરઈ ગામે દેશી દારૂની ભઠ્ઠી ઝડપી લેતી મોરબી ક્રાઇમ બ્રાંચ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમે પૂર્વ બાતમીને આધારે માળીયા(મી) તાલુકાના ખીરઈ ગામની સીમમાંથી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપી લીધી હતી. પોલીસે સ્થળ ઉપરથી દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ૧૬૦૦ લીટર ઠંડો આથો તથા ભઠ્ઠીના સાધનો સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. રેઈડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને ફરાર જાહેર કરી એલસીબી પોલીસે માળીયા(મી) પોલીસ મથકે ફરાર આરોપી વિરુદ્ધ ગુનો નોંધાવી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

મોરબી એલસીબી પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી કે, માળીયા(મી) તાલુજબ ખીરઈ ગામની સીમમાં ખારો વિસ્તારમાં વોકળાના કાંઠે બાવળની કાંટમાં આરોપી સમીર સાઉદીનભાઈ જેડા રહે. ખીરઈ ગામ વાળો દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવતો હોય જેથી તુરંત એલસીબી પોલીસે ત્યાં રેઈડ કરી હતી, રેઈડ દરમિયાન સ્થળ ઉપર બંધ હાલતમાં દેશી દારૂની ભઠ્ઠી જોવામાં આવી હતી, અને ત્યાંથી પોલીસે ૧૬૦૦ લીટર ઠંડો આથો તથા દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતી સાધન સામગ્રી સહિત રૂ.૪૦,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. રેઈડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી એલસીબી પોલીસે તેની વિરુદ્ધ ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# 'નાળિયેર હેઠળના વિસ્તારનું વિસ્તરણ' યોજના હેઠળ બે સમાન વાર્ષિક હપ્તામાં પ્રતિ હેક્ટર રૂ. ૫૬ હજારની સહાય અપાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાળિયેરના વૃક્ષોવાળા વિસ્તારને વધારવા અને નાળિયેરીના બગીચા સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવા ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના નાળિયેર વિકાસ બોર્ડ દ્વારા 'નાળિયેર હેઠળના વિસ્તારનું વિસ્તરણ' યોજના હેઠળ બે સમાન વાર્ષિક હપ્તામાં પ્રતિ હેક્ટર રૂ. ૫૬ હજારની સહાય આપવામાં આવે છે.

જે ખેડૂતો અને સંસ્થાઓ જમીન ધરાવે છે અને વૈજ્ઞાનિક નાળિયેરની ખેતી પદ્ધતિઓ અપનાવીને ઓછામાં ઓછા ૧૦ રોપા (૦.૦૮ હેક્ટર) નાળિયેરના રોપા વાવવા ઈચ્છુક છે, તેઓ આ યોજના હેઠળ નાણાકીય સહાય મેળવવા પાત્ર છે, જેમાં મહત્તમ ૦૨ હેક્ટર (૧૬૦ રોપા/હેક્ટર)નો સમાવેશ થાય છે.

પાત્રતા ધરાવતા લાભાર્થીઓ, રોપાઓ રોપ્યા પછી, https://coconutboard.gov.in/docs/aepgujarat.pdf પર ઉપલબ્ધ પ્રથમ વર્ષની સબસીડીનું અરજી ફોર્મ ડાઉનલોડ કરી શકે છે.

અરજી ફોર્મમાં દર્શાવેલ અન્ય દસ્તાવેજો સાથે ભરેલી અરજીઓ નાળિયેર વિકાસ બોર્ડ, રાજ્ય કેન્દ્ર, ગુજરાત, બી વિંગ, પહેલો માળ, બહુમાળી ભવન, સરદાર બાગ, જૂનાગઢ, ગુજરાત - ૩૬૨ ૦૦૧ને મોકલી શકે છે. બોર્ડ દ્વારા આ પ્રક્રિયા કર્યા પછી, સબસીડી સીધી લાભાર્થીના બેંક ખાતામાં મોકલવામાં આવશે. વધુ માહિતી માટે ટેલિફોન નંબર ૦૨૮૫-૨૯૯૦૨૩૦ પર સંપર્ક અથવા sc-junagadh@coconutboard.gov.in પર ઈ-મેઈલ કરી શકાશે, તેમ નાળિયેર વિકાસ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

# જીવનનો સહજ આનંદ કર્મજ્ઞાનના અભ્યાસ વડે જ મળી શકે છેઃ ડો. રાજીવ મિશ્રા



## આગામી તારીખ ૪ જાન્યુઆરીએ યોજાનાર નિઃશુલ્ક સેમીનારમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સહજ આનંદ એ જ સાચું સુખ, અને એ સાચું સુખ મળે છે,માત્ર ને માત્ર કર્મયોગ ના જ્ઞાન થી.પૈસા થી માણસ સારું જમવાનું ખરીદી શકે છે પણ ભૂખ નહિ,સારી પથારી ખરીદી શકે છે પણ ઊંઘ નહિ, પૈસા થી માણસ આજે માણસ ને પણ ખરીદી શકે છે પણ પ્રેમ નહી માણસ પૈસા થી સારા કપડાં પહેરી ને પોતાનો દેખાવ તો બદલી શકે છે પણ મન નહિ પરંતુ જો માણસ પાસે કર્મયોગ નું જ્ઞાન હસે તો માણસ માટે ભૂખ,ઊંઘ,પ્રેમ અને નિર્મળ મન બધું જ મેળવવું સહજ અને સરળ બની જશે તેમ કર્મયોગી અને મોટીવેશન ગુરુ ડોક્ટર રાજીવ મિશ્રાએ જણાવ્યું હતું

કર્મજ્ઞાનના અભ્યાસ વડે કોઈપણ વ્યક્તિ દરેક ક્ષણે સુખનો આનંદ અને અનુભવ કરી શકે છે પરંતુ આ માટે કર્મજ્ઞાનનું નિરંતર ચિંતન અને અભ્યાસ જરૂરી છે છેલ્લા ૧૮ વર્ષથી આ માટે કર્મયોગ મંદિરના સ્થાપક ડો મિશ્રા નિસ્વાર્થ ભાવે સતત પ્રયત્નશીલ છે કર્મયોગ મંદિર દ્વારા આગામી તારીખ ૪ જાન્યુઆરીના કર્મજ્ઞાન પર સવારે ૧૦ થી ૧૨ દરમિયાન અટલ બિહારી બાજપાઈ ઓડિટોરિયમ પેડક રોડ ખાતે અદભુત ચમત્કારિક સેમિનાર યોજવાનો છે જેમાં ડો. મિશ્રા કર્મજ્ઞાન પર રસપ્રદ માહિતી પ્રદાન કરશે આ બિલકુલ નિશુલ્ક સેમિનારમાં ભાગ લેવા આમંત્રણ પાઠવાયું છે આ માટે what-sapp નંબર ૮૫૧૧૮૨૯૦૦૨, ૯૪૨૮૭ ૮૮૬૪૨, ૯૮૨૫૯૪૪૭૯૯ તેમજ ૯૯૨૫૨ ૪૨૯૯૩ પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે


# ભગવતીપરામાં રિસામણે રહેતી પરિણીતાએ ફાંસો ખાધો


રેશ્મા સાદીદભાઈ શેખ (ઉં.વ.૨૩)એ ગઈકાલે રાત્રે ૧૧ વાગ્યા આસપાસ ભગવતીપરા સદગુરુ પાર્કમાં પોતાના પિતાના ઘરે ચુંદડી વડે ગળેફાંસો ખાવાની કોશિશ કરી હતી. બનાવ અંગે પિતા હબીબભાઈને જાણ થઈ જતા તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જેથી બી ડિવિઝન પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી દરવાજો તોડી નાંખ્યો રેશ્માને ગળાફાંસો ખાતા અટકાવી હતી. ચૂંદડી બાંધી હોવાથી તેનું દબાણ ગળા પર પડ્યું હોવાથી રેશ્માને સારવાર માટે પોલીસે ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલ ખસેડી હતી. બનાવ અંગે રેશ્માના પરિવારે જણાવ્યા મુજબ, ૪ વર્ષ પહેલા પોપટપરામાં રહેતા સાજીદ શેખ સાથે રેશ્માના લગ્ન થયા હતા. લગ્ન જીવન દરમિયાન પતિ ત્રાસ આપતો હોવાથી રેશ્મા છેલ્લા ૩ વર્ષથી રિસામણે છે જેનો કોર્ટ કેસ પણ ચાલુ છે. પોલીસે આ મામલે નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ભાવનગર રોડ પર ભંગાર બજારમાં અસંખ્ય શંકાસ્પદ વાહનો સ્ક્રેપ કરવાનો ધીગતો ધંધો...?: પોલીસનું ભેદી મૌન











**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને જિલ્લામાં નોનયુઝ બનેલા વાહનો સ્ક્રેપ કરવા માટે આરટીઓની પૂર્વ મંજૂરી મેળવી બાદમાં જ વાહન સ્ક્રેપ થઇ શકે તે નિયમ મોટર વ્હીકલ એકટમાં યથાવત છે. પરંતુ શહેરના સામાકાંઠે નિયમોને નેવે મુકી ભાવનગર રોડ પર આવેલા ભંગારના ડેલામાં આરટીઓ કચેરીના લાખેણી રકમના બાકી ટેકસના નાણા તથા ચોરાઉ વાહનો રાતોરાત ભંગાર બનાવી નાખવાનું કારસ્તાન ચાલતી હોવાની ચર્ચા છડે ચોક થઇ રહી છે. જયારે પોલીસનું પણ ભેદી મૌન સામે આવતા અનેક તર્કવિર્તકો સામે આવી રહ્યા છે.

શહેરના સામાકાંઠે ભાવનગર રોડ પર રોડની બન્ને સાઇડો થોરાળા પોલીસ સ્ટેશનથી આગળ અસંખ્ય ભંગારના ડેલાઓ જોવા મળી રહ્યા છે અને અનેક વાહનો રોડની સાઇડ પર ભંગાર બનેલા પાર્ક કરી દેવામાં આવ્યા છે. આ રોડ પરથી પસાર થતા રાહદારીઓને ટ્રાફિકની સમસ્યા સહિતની અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જાણકારોના મત મુજબ એવી પણ ચર્ચાઓ સાંભળવા મળી છે કે, ભાવનગર રોડ પર આવેલા અમુક ભંગારના ડેલામાં આરટીઓના ટેકસના બાકી નાણા હોય તેવા વાહનો અને ચોરાઉ વાહનો કે ફાઇનાન્સ કંપનીની બાકી લોન હોય તેવા વાહનો રાતોરાત ભંગાર બનાવી નાખવામાં ધીગતો ધંધો ચાલી રહ્યો હોવાનું છડે ચોક ચર્ચાઇ રહ્યું છે.

**આરટીઓ કચેરીના લાખેણી રકમના બાકી ટેકસના નાણા, ચોરાઉ વાહનો રાતોરાત ભંગાર બનાવી નખાતા હોવાની ચર્ચાઃ રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં માત્ર ૧૪૭૭ વાહનોને ભંગાર કરવા માટે એનઓસી અપાઇઃ ગેરકાયદે વાહનો સ્ક્રેપ કરવા વિરુધ્ધ એક પણ ગુન્હો પોલીસમાં ન નોંધાયો?**

આ અંગે આરટીઓ અધિકારી સાથે ટેલીફોનીક સંપર્ક કરાતા જાણવા મળ્યું હતું કે, સરકારના નિયમ મુજબ જો કોઇ માલિકને વાહન ભંગારમાં વહેંચી દેવું હોય તો પ્રથમ તેઓએ ઓનલાઇન ફોર્મ ફિલપ કરી આરટીઓની પૂર્વ મંજૂરી લીધા બાદ પોતાનું વાહન ભંગારમાં આપી શકે છે અને બદલામાં તેના નાણા વસુલ કરી શકે છે. પરંતુ જો આરટીઓની ટેકસની કોઇ લેણી રકમ બાકી હોય તો પ્રથમ તે ભર્યા બાદ માલિકને એનઓસી આપવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં વાહનને ભંગારમાં આપવા માટે ૧૪૭૭ અરજી આવી છે અને તેમાંથી યોગ્ય જણાય તેઓને એનઓસી આપવામાં આવ્યું છે.

જયારે બીજી બાજુ ભાવનગર રોડ પર આવેલા કેટલાક ભંગારના ડેલામાં શંકાસ્પદ પ્રવૃતિઓ ચાલતી હોય અને આરટીઓની ટેકસની બાકી રકમના વાહનો તથા ચોરાઉ વાહનો કે અન્ય કોઇ સરકારી લેણી રકમ બાકી હોય તેવા શંકાસ્પદ વાહનો રાતોરાત સ્ક્રેપ કરી નાખવામાં આવતા હોય તેવી ચર્ચાઓ વહેતી થઇ છે પરંતુ આ બાબતે પોલીસ સ્ટેશનોમાં કોઇ ભંગારના ડેલાવાળા કે વાહન માલિકો સામે કાર્યવાહી કરવામાં આવી હોય તેવું જાણવા મળી રહ્યું નથી. વર્ષો પહેલા ભૂતકાળમાં સુરતમાં બોગસ આરસીબુકના આધારે જુના વાહનો સ્ક્રેપ કરવાનું પર્દાફાશ થયા બાદ તેના મુળીયા રાજકોટ સુધી લંબાયા હોય જેના આધારે રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને ભૂતકાળમાં સામાકાંઠે ભાવનગર રોડ સહિતના અનેક વિસ્તારોમાં ગેરકાયદે વાહનો સ્ક્રેપ કરતા ધંધાર્થીઓ પોલીસની ઝપટે ચડયા હતા.

# ૧૫૦૦ કરોડના કૌભાંડમાં સુરેન્દ્રનગરના નાયબ મામલતદારની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરેન્દ્રનગર કલેક્ટર અને અન્ય ઉચ્ચ અધિકારીઓના નિવાસસ્થાને ગઈકાલે ઈડી દ્વારા કરવામાં આવેલા દરોડા બાદ આજે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ તપાસના અંતે નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની ધરપકડ કરવામાં આવી છે, જેમને ઈડીની ટીમ દ્વારા અમદાવાદ ગ્રામ્ય કોર્ટ સ્થિત વિશેષ અદાલતમાં રજૂ કરવામાં આવ્યા છે. આ સમગ્ર મામલે વધુ પૂછપરછ અને પુરાવાઓ એકત્ર કરવા માટે ઈડી દ્વારા કોર્ટ પાસે આરોપીના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવશે.

દરોડા દરમિયાન તપાસમાં ખુલ્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર જે ફાઈલનો વહિવટ કરવાનો હોય તે ઘરે લઇ જતા હતા. જેથી તેમના બંગલામાંથી ૧૦૦ ફાઈલો જપ્ત કરવામાં આવી હતી, જેને લઈ કલેક્ટર પણ શંકાના દાયરામાં ઘેરાયેલા છે.

આરોપી નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીને અમદાવાદ ગ્રામ્ય કોર્ટ ખાતે ઈડીની વિશેષ અદાલતમાં રજૂ કરાયો હતો. કોર્ટે ઇડીને શરૂઆતમાં ખખડાવી કે શા માટે નજીકની મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ આરોપીને રજૂ ના કર્યો?. જેના જવાબમાં ઇડીએ કહ્યું કે, કેસની ગંભીરતાને જોતા સ્પેશ્યલ કોર્ટમાં લાવ્યા છીએ. કોર્ટે ઇડીની અટક અંગે, ક્યારે અટક કરી, પરિવારને જાણ કરી વગેરે પ્રશ્નો પૂછ્યા હતા. એ કોર્ટને જણાવ્યું હતું કે, દિલ્હી પોલીસમાં નોંધાયેલી ખંડણીની એક ફરિયાદની તપાસમાં આરોપી સામે વાંધાજનક મટીરિયલ મળી આવ્યું હોવાથી અટકાયત કરવામાં આવી છે.

સુરેન્દ્રનગરમાં મંગળવારે (૨૪ ડિસેમ્બર, ૨૦૨૫)ને સવારે પરોઢીયે ૫ વાગ્યે એ રૂ. ૧૫૦૦ કરોડના જમીન સંપાદન કેસ મામલે કલેક્ટર, નાયબ મામલતદાર, કલેક્ટરના પીએ, વકીલ અને ક્લાર્કની પૂછપરછ હાથ ધરી હતી. રાત્રે ૧૦ વાગ્યા સુધી તપાસ ચાલી હતી. ત્યાં સુધી કોઇ સત્તાવાર વિગતો સામે આવી નહોતી, પરંતુ કલેક્ટરે સત્તા સંભાળ્યા બાદ નળસરોવર, ધ્રાંગધ્રાના માલવાણ, લખતરના તલસાણા અને પાટડીમાં સોલાર પ્લાન્ટમાં મોટાપાયે થયેલી જમીન સંપાદનનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. કલેક્ટર જે ફાઇલનો વહિવટ કરવાનો હોય તે ઘરે લઇ જતા હતા. સમગ્ર તપાસનું એપી સેન્ટર આ ૫ જણાંનું નિવાસસ્થાન હતું. કલેક્ટરના બંગલામાંથી ૧૦૦ ફાઇલ જપ્ત કરાઇ છે. એન્ફોર્સમેન્ટ ડિરોક્ટેરેટ ઇડીની ટીમે ૧૫૦૦ કરોડના જમીન સંપાદનમાં કટકી બટકીના આરોપસર વર્તમાન કલેક્ટર રાજેન્દ્રકુમાર એમ.પટેલ, નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી, કલેક્ટરના પીએ રવિરાજસિંહ ઝાલા, કલાર્ક મયુરસિંહ ગોહિલ અને હાઇકોર્ટના એક વકીલ સહિત પાંચ વ્યક્તિઓની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. આટલું મોટું જમીન કૌભાંડ ક્યાં આચરવામાં આવ્યું તે ચોક્કસ રીતે જાણી શકાયું નથી.




કલેક્ટર શંકાના ઘેરામાંઃ બંગલામાંથી ૧૦૦ ફાઇલ જપ્ત કરાઇ

# શહેરમાં થર્ટી ફર્સ્ટ પૂર્વે પોલીસ એલર્ટઃ રેલવે સ્ટેશન પર ચેકીંગ હાથ ધરાયુ

## રેલવે પાર્કીંગ અને યાર્ડ વિસ્તારમાંથી ૩૬ બોટલો સાથે બે શખ્સોને દબોચી લીધા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

થર્ટી ફર્સ્ટને હવે ગણતરીના દિવસે બાકી રહ્યાં છે પ્યાસીઓ તેમની પ્યાસ બુજાવવા માટે અધીરા બન્યા છે ત્યારે બુટલેગરો પણ અવનવા નુસ્ખા કરી દારૂની હેરાફેરી ચાલુ કરી છે ત્યારે પોલીસે પણ દારૂની હેરાફેરી અટકાવવા કમર કસી લીધી હોય તેમ દરોડાનો દૌર શરૂ કર્યો છે. રાજકોટ રેલવે પોલીસે પણ રેલવેમાં થતી દારૂની હેરાફેરી અટકાવવા સઘન ચેકીંગ હાથ ધર્યુ છે. જેના ભાગરૂપે રાજકોટ રેલવે એલસીબી દ્વારા રેલવે સ્ટેશન ઉપર સઘન ચેકીંગ હાથ ધરી રેલવે પાર્કીંગ અને યાર્ડ વિસ્તારમાંથી ૩૬ બોટલ દારૂ સાથે બે શખ્સોને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ, રેલવે પોલીસના અધિક પોલીસ મહાનિર્દેશક પરીક્ષીતા રાઠોડની સુચનાથી પશ્ચિમ રેલવે અમદાવાદનાં એલસીબી પીઆઈ જે.આર.દેસાઈના સુપર વિઝન હેઠળ રાજકોટ એલસીબી પીએસઆઈ જે.એમ.પરમાર સહિતનાં સ્ટાફે થર્ટીફર્સ્ટ અને નાતાલના તહેવારને લઈ રેલવેમાં દારૂની હેરાફેરી અટકાવવા રેલવે સ્ટેશન વિસ્તારમાં સઘન ચેકીંગ હાથ ધર્યું હતું અને રાજકોટ રેલવે સ્ટેશન ખાતે આંતરરાજ્યની ટ્રેનો ઉપર હાજર રહી ટ્રેનોમાં વોચ ગોઠવી હતી. દરમિયાન રેલવે પાર્કીંગ વિસ્તાર અને યાર્ડ વિસ્તારમાંથી વિદેશી દારૂ સાથે બે શખ્સોને ઝડપી લીધા હતાં. જેમાં રેલવે સ્ટેશન પાર્કીંગ વિસ્તારમાં પાર્સલ ઓફિસ પાસેથી પ્રિન્સ જગબીર કશ્યપ (રહે.હરિયાણા)ને ઝડપી લઈ તેની પાસેથી દારૂની અલગ અલગ કંપનીની બોટલ ન.૧૮ કિ.રૂા.૧૯૦૮૬ મળી આવતાં પોલીસે તેની ધરપકડ કરી હતી. જ્યારે બીજા બનાવમાં રેલવે સ્ટેશન પાર્કીંગ વિસ્તારમાં ટુ વ્હીલ પાર્કીંગ પાસેથી નેપાળસિંહ ઉદયસિંહ પવાર (રહે.બિલીયાવાસ, રાજસ્થાન)ને ઝડપી લઈ તેની પાસેથી દારૂની અલગ અલગ બ્રાંડની બોટલ નં.૧૮ કિ.રૂા. ૨૦૨૬૭ મળી આવતાં પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરી રેલવે પીએસઆઈ જે.એમ. પરમાર, હેડ કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ, ધર્મેન્દ્રસિંહ, કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ, ભુપતભાઈ અને જયેશભાઈ દ્વારા કરવામાં આવી હતી.

# સરધારમાં ડો. આંબેડકરની પ્રતિમા તોડી ખાડામાં દાટી દીધાનો સનસનીખેજ આક્ષેપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરધારના સ્વામી નારાયણ મંદીરની જમીનમા આવેલ ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને કોઈ મશીનરીથી જાણી જોઇને હરાદાપુર્વક તોડી પાડી અને નુકસાની કરી તે જગ્યાએથી બાબા સાહેબની પ્રતિમાને અન્ય જગ્યાએ લઇ જઇ નુકસાન કરી અનુસુચિત જાતીનાં સભ્યોની લાગણી દુભાવવા મામલે આજીડેમ પોલીસ મથકમા સ્વામી પતિત પાવન સામે ગુનો નોંધવામા આવ્યો છે. આ ઘટના બનતા ત્યા અનુસુચિત જાતીનાં લોકો એકઠા થઈ ગયા હતા અને પોલીસનો બંદોબસ્ત ખડકી દેવામા આવ્યો હતો. ત્યારબાદ પોલીસ મથકમા ફરીયાદ નોંધવામા આવતા એસીપીએ તપાસ શરૂ કરી છે.

આ અંગેની વિગતો મુજબ સરધાર ગામે રહેતા હમીરભાઈ દાનાભાઈ પરમારની ફરીયાદ પરથી સરધાર સ્વામિનારાયણ મંદિરનાં સ્વામિ પતિત પાવન અને તપાસમા ખુલે તેઓ તમામની સામે એટ્રોસીટી એક્ટ અને બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને નુકસાન પહોંચાડવા અંગેની કલમ હેઠળ ગુનો નોંધવામા આવ્યો છે. આ ફરીયાદમા હમીરભાઇએ આક્ષેપો સાથે જણાવ્યુ હતુ કે અનુસુચિત જાતીનાં જીવાભાઈ દેસાભાઈ મકવાણાને સરકારે ૧૯૫૭મા સરધાર ગામે ૪ એકર ૩ ગુઠા જમીન ૩૦ વર્ષનાં ભાડાપટે ફાળવવામા આવી હતી જેથી આ જમીન પર ફરીયાદી કાયદેસર કબજો ધરાવે છે.

આ જમીનમા સમાજનાં લોકોએ ઓટો બનાવી ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાનુ ૨૦૧૯ ની સાલમા અનાવરણ કરવામા આવ્યુ હતુ ત્યારબાદ ત્યા સામાજીક પ્રવૃતિઓ પણ થતી હતી. ગઇકાલે બપોરનાં સમયે ફરીયાદી હમીરભાઇ રાજકોટથી સરધાર તરફ આવતા હતા ત્યારે તેઓને જાણવા મળ્યુ કે સરધાર ગામ ખાતે આવેલી ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને સમાજનાં લોકો ફુલહાર કરવા ગયા ત્યારે પ્રતિમા જોવામા આવી ન હતી અને બાદમા સમાજનાં વીશેક યુવાનો પ્રતિમાનાં સ્થળે ગયા હતા. આ જગ્યાએ તપાસ કરતા ત્યાથી ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા અને આરસીસીનો ઓટો તોડી પાડવામાં આવ્યો હતો અને ત્યા કોઇ પણ જાતનાં અવસેસો જોવા મળ્યા ન હતા અને જેસીબી મશીનનાં લીસોટા જોવામાં આવ્યા હતા. તેમજ રસ્ટેચ્યુની બાજુમા રાખેલા પતરા તે થોડે દુર ખાડામાં રાખેલા જોવામા આવ્યા હતા. તેમજ ફરીયાદી હમીરભાઈ પરમારને શંકા છે કે ડો. આંબેડકરની પ્રતિમા તોડી પાડી અને તેને ખાડામાં નાખી તેનાં પર ધુળ નાખી દીધી છે. અગાઉ ૧૯-૧૨ નાં રોજ રાત્રીનાં સમયે સમાજની મીટીંગ હતી.

# કે.કે.વી. હોલ પાસે ફુગ્ગા વેંચતા શખ્સે નેપાળી યુવાનને છરીના ઘા ઝીંકી દીધા

## હુમલામાં ઘવાયેલા યુવાનને સારવાર માટે ખસેડાયો; પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા કે.કે.વી. હોલ પાસે નેપાળી યુવાને અજાણ્યા શખ્સે પેટમાં છરીના ઘા ઝીંકી દેતાં તેને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. ફુગ્ગા વેચવાવાળા શખ્સ સાથે ઝઘડો થતાં તેણે છરી કાઢી ખૂની હુમલો કર્યો હતો. આ અંગે ગાંધીગ્રામ પોલીસે અજાણ્યા ફુગ્ગાવાળા શખ્સ વિરૂધ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.



આ અંગેની જાણવા મળતી વિગત મુજબ, મુળ નેપાળનો વતની અને હાલ નાનામવા રોડ પર પેટ્રોલ પંપ પાછળ ગાંધી સ્કૂલ પાસે ભાઈ સાથે રહેતો ગોપાલ નવરાજભાઈ સાઉદ (ઉ.૨૪) નામનો યુવાન ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર કે.કે.વી. હોલ પાસે હતો ત્યારે અજાણ્યા શખ્સે પેટમાં છરીના ઘા ઝીંકી દેતાં તેને ગંભીર હાલતમાં ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ થતાં ઈજાગ્રસ્ત ગોપાલનો મોટો ભાઈ ચેતમાન હોસ્પિટલે દોડી ગયો હતો અને તેને ગોપાલને બનાવ બાબતે પુછતા તેણે જણાવેલું કે તે કે.કે.વી. હોલ પાસે હતો ત્યારે ફુગ્ગા વેચવાવાળા અજાણ્યા શખ્સ સાથે ઝઘડો થતાં ગોપાલે તેને ધક્કો મારતાં ફુગ્ગા વેચવાવાળાએ તેની પાસે રહેલી છરી કાઢી પેટના ભાગે પડખામાં છરીના બે ઘા ઝીંકી દીધા હતાં. હાલમાં ગોપાલની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે ગાંધીગ્રામ પોલીસે

ગોપાલના મોટાભાઈ ચેતમાન નવરાજભાઈ સાઉદની ફરિયાદ પરથી અજાણ્યા ફુગ્ગા વેચવાવાળા શખ્સ વિરૂધ્ધ હત્યાની કોશીષનો ગુનો નોંધી પીઆઈ એસ.આર.મેઘાણીએ વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં ગોપાલ બે ભાઈમાં નાનો અને અપરિણીત છે. અગાઉ તે હોટલમાં નોકરી કરતો હતો. ત્રણ મહિના પહેલા ગોપાલ અને તેના પિતા નેપાળ ચાલ્યા ગયા હતાં. બાદમાં ૧૫ દિવસ પહેલા ગોપાલ ફરી રાજકોટ આવ્યો હતો અને કામની શોધમાં હોવાનું જાણવા મળ્યું છે.